# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૨૧




**શ્રી દિગમ્બર જૈન પંચમેરુ નંદીશ્વર જિનાલય**
**(ઈ.સ.૧૯૮૫)મા પ્રતિષ્ઠિત**

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે મનુષ્ય પરદ્રવ્યનું હરણ કરે છે તે મૂર્ખ છે, ચોર છે, જે પોતાના ધનનો ઉપયોગ કરે છે તે સમજણો છે, શાહુકાર છે. જે પરદ્રવ્યની સંગતિમાં મગ્ન રહે છે તે બંધની પરંપરા વધારે છે અને જે નિજસત્તામાં લીન રહે છે તે સહજમાં જ મોક્ષ પામે છે. ૧૯૦૫. (શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષદ્વાર, પદ-૧૮-૧૯)

● યે ગ્યારહ પ્રતિમાયેં હૈં ઈનમેં સબકે શુદ્ધભાવ તથા શુદ્ધધ્યાન રહતા હૈ, આત્માકો પરમાત્મરૂપ ભાતે હૈ, ઉનકે નિર્મલ નિશ્ચય શુદ્ધ સમ્યગ્દર્શન હોતા હૈ. ૧૯૦૬. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૩૭)

● જેમ જેમ વિશેષ શુદ્ધતાની અંતરંગમાં પ્રકાશમાન વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ જ ઈન્દ્રિયોના વિષયોમાં પણ ઉપેક્ષા વધતી જાય છે. ૧૯૦૭.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૭૮૪)

● અહીં શિષ્ય પૂછે છે—સવિપાક નિર્જરા નરકાદિ ગતિઓમાં અજ્ઞાનીઓને પણ (થતી) જોવામાં આવે છે. તે સમ્યગ્જ્ઞાનીઓને જ હોય એવો નિયમ નથી. તેનો ઉત્તર—અહીં જે સંવરપૂર્વકની મોક્ષના કારણરૂપ નિર્જરા છે તે જ ગ્રહણ કરવી. જે અજ્ઞાનીઓની નિર્જરા છે તે તો ગજસ્નાનવત્ નિષ્ફળ છે. કારણ કે થોડાં કર્મ ખરે છે અને તે ઘણાં વધારે બાંધે છે તે કારણે તે ગ્રહણ કરવાયોગ્ય નથી. ૧૯૦૮.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૬ની ટીકામાંથી)

● સુખસે ભાયા હુઆ જ્ઞાન હૈ વહ ઉપસર્ગ—પરિષહાદિકે દ્વારા દુઃખ ઉત્પન્ન હોતે હી નષ્ટ હો જાતા હૈ, ઈસલિયે યહ ઉપદેશ હે કિ જો યોગી ધ્યાની મુનિ હૈ વહ તપશ્ચરણાદિ કે કષ્ટ સહિત આત્માકો ભાવે (અર્થાત્ બાહ્યમેં જરા ભી અનુકૂલ-પ્રતિકૂલ ન માનકર નિજ આત્મામેં હી એકાગ્રતારૂપી ભાવના કરે) જિસસે આત્મશક્તિ ઔર આત્મિક આનંદકા પ્રચુર સંવેદન બઢતા હી હૈ. ૧૯૦૯. (શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગા-૬૨)

● પ્રશ્ન :—જે શાસ્ત્ર પોતે જ મંગળ છે, તેનું મંગળ શા માટે કરવામાં આવે છે?

ઉત્તર :—ભક્તિ અર્થે મંગળનું પણ મંગળ કરવામાં આવે છે. સૂર્યને દીપકથી, મહાસાગરને જળથી, વાગેશ્વરીને (સરસ્વતીને) વાણીથી અને મંગળને મંગળથી અર્ચવામાં આવે છે. ૧૯૧૦. (શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧)

● જે આત્મા આ કર્મના પરિણામને તેમજ નોકર્મના પરિણામને કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે. ૧૯૧૧. (શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૭૫ )

વર્ષ–૧૬
અંક–૪




વિ. સંવત
૨૦૭૭
December
A.D. 2021



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ધર્માત્માની અનુભવદશાનું વર્ણન અને તે અનુભવનો ઉપાય

(ગાથા ૧૪૨-૪૩-૪૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન) (ગતાંકથી ચાલુ)

૨૬. અહા ! જુઓ, આ સમકિતીનો મહિમા ! કેવળીભગવાનના મહિમાની તો શી વાત ? અરે, સાધક સંત મુનિઓની દશાની પણ શી વાત ? અવિરત સમકિતી ધર્માત્માની દશાનો પણ અચિંત્ય મહિમા છે, તે જગતના સાધારણ જીવોને ખ્યાલમાં આવતો નથી. અહા, જેની સરખામણી કેવળજ્ઞાની પરમાત્મા સાથે આચાર્યદેવે કરી તેની અંતર્‌દશાના મહિમાની શી વાત ?

૨૭. અનુભવદશામાં ધર્માત્મા પોતાને ચૈતન્યસ્વભાવરૂપે જ અનુભવે છે, સમસ્ત વિભાવભાવોને પોતાના સ્વભાવથી જુદા પાડીને, ચૈતન્યસ્વભાવમાં એકતાપણે જ તે પરિણમે છે.—આવો અનુભવ તે સમ્યગ્દર્શન છે, તે અપૂર્વધર્મ છે, તેમાં અતીન્દ્રિય શાંતિ અને આનંદના તરંગો ઉલ્લસે છે. ભાઈ ! એ જ ખરું કર્તવ્ય છે. ચૈતન્ય ભંડાર તારામાં જ ભર્યા છે તેમાં અંતર્મુખ થા, તો તને આવો અનુભવ સ્વયમેવ તારા આત્માથી જ (-વિકલ્પોના જરાય અવલંબન વગર જ) થશે.

૨૮. જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને તેનો અનુભવ કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવ કેવો છે, અને તે અનુભવની રીત શું છે, તે અહીં ૧૪૪ ગાથામાં આચાર્યદેવ સમજાવે છે. પહેલાં તો

> પરમદેવ પરનામકર, ગુરુકો કરહું પ્રણામ,
> બુધિબલ વરણોં બ્રહ્મકે, સહસ્રઅઠોત્તર નામ. ૧
>
> કવિવર પં. બનારસીદાસજી કૃત
> શ્રી જિનસહસ્રનામ સ્તોત્ર

આત્માર્થી થઈને જ્ઞાનમાં નક્કી કરવું જોઈએ કે જ્ઞાનસ્વરૂપ જ હું છું, સમસ્ત પરદ્રવ્યોથી અને પરભાવોથી અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ જ હું છું. ઘણા ઘણા પ્રકારે અનુભવ સહિત યુક્તિ વગેરે દ્વારા સમસ્ત પુદ્ગલોથી અત્યંત ભિન્ન આત્મા આચાર્યદેવે બતાવ્યો તે પ્રમાણે પોતાના જ્ઞાનમાં દૃઢપણે નિર્ણય કરવો જોઈએ.—એવો નિર્ણય કે રાગ તરફના જોરવાળો નહિ પણ જ્ઞાનસ્વભાવ તરફના જોરવાળો.

૨૯. આવા નિર્ણયના જોરે અંતરમાં અભ્યાસ કરતાં કરતાં મતિ-શ્રુતજ્ઞાનને સ્વસન્મુખ વાળતાં આત્મઅનુભવ થાય છે. સ્વસન્મુખ થઈને આવો અનુભવ કરનાર જીવ નયપક્ષના વિકલ્પોથી ખંડિત થતો નથી. અનુભવ પછી અસ્થિરતાના વિકલ્પો ઊઠે તેમાં પણ તેને એકત્વબુદ્ધિ થતી નથી. એટલે તેની સ્વભાવદૃષ્ટિ વિકલ્પોથી ખંડિત થતી નથી. આ રીતે નિર્વિકલ્પ વિજ્ઞાનઘન થઈને શુદ્ધાત્માનો અનુભવ કરનાર જીવ સમ્યગ્દૃષ્ટિ છે, તે 'સમયસાર' છે.

૩૦. પ્રથમ શું કરવું ? ધર્મી થવા માટે, આત્માનો અનુભવ કરવા માટે, સમ્યગ્દર્શન માટે, પ્રથમ શું કરવું ? તેની આ વાત છે. પ્રથમ તો શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. જુઓ, આ નિર્ણયમાં શ્રુતજ્ઞાનનું અવલંબન કહ્યું; રાગ હોવા છતાં તેનું અવલંબન નથી, તેના ઉપર વજન નથી, જ્ઞાન ઉપર જ વજન છે.

૩૧. શ્રુતજ્ઞાનના અવલંબન દ્વારા શું નક્કી કરવું ? કે મારો આત્મા જ્ઞાનસ્વભાવી જ છે,—બીજા કોઈ ભાવો તે હું નથી, જ્ઞાનસ્વભાવ જ હું છું—એમ નક્કી કરવું. જુઓ, શ્રુતજ્ઞાન આવા સ્વભાવનો નિર્ણય કરાવવા માંગે છે. વીતરાગ માર્ગમાં સંતોએ આવો નિર્ણય કર્યો છે, અને તેમના કહેલ શ્રુતમાં પણ આવો જ નિર્ણય કરવાનું કહ્યું છે. આવા નિર્ણય વગર તો વીતરાગી સંતોની કે તે સંતોએ કહેલા શ્રુતની પણ ખરી ઓળખાણ થાય નહીં.

૩૨. 'હું જ્ઞાન છું' એમ યથાર્થપણે એટલે કે જ્ઞાનરૂપ થઈને જે નિર્ણય કરે તેને રાગમાંથી ને પરમાંથી રુચિ ઊડી જાય, એટલે કે તેમાંથી એકત્વબુદ્ધિ છૂટી જાય, તેનાથી જુદો પડીને જ્ઞાનસ્વભાવની સન્મુખ થાય.—આવો નિર્ણય તે મોક્ષમાર્ગનું પહેલું કર્તવ્ય છે.

૩૩. અહીં એકદમ અંતર્મુખ થવાની વાત છે. એટલે એકલા 'અસ્તિ સ્વભાવ'ની વાત લીધી છે; 'જ્ઞાનસ્વભાવ તે હું'—એમ સ્વભાવની અસ્તિમાં વળતાં 'રાગાદિ તે હું નહીં'—એવી વિભાવની નાસ્તિ તેમાં આવી જાય છે—પણ ઉપયોગનું લક્ષ તો તે વખતે સ્વભાવની અસ્તિ ઉપર જ છે.

૩૪. 'જ્ઞાનસ્વભાવ તે હું' એવા નિર્ણયમાં તો ઘણું જોર છે, તે અપૂર્વ નિર્ણયનું જોર

કેવલ પદમહિમા કહોં, કહોં સિદ્ધ ગુનગાન;
ભાષા પ્રાકૃત સંસ્કૃત, ત્રિવિધિ શબ્દ પરમાન. ૨

ક્ષણે ક્ષણે મિથ્યાત્વને તોડતું જાય છે ને રાગને મંદ કરતું જાય છે.

૩૫. ભાઈ, તારે જો શાંતિ જોઈતી હોય, સમ્યગ્દર્શન જોઈતું હોય, મોક્ષમાર્ગી થવું હોય તો, બીજી બધી વાતને એકકોર મૂકીને તારા ઉપયોગમાં એમ નક્કી કર કે જ્ઞાનસ્વભાવી આત્મા જ હું છું. આવા નિર્ણયના જોરે તારું જ્ઞાન, જ્ઞાનસ્વભાવ જ એકાગ્ર થશે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે. આ સિવાય બીજી કોઈ રીતે મોક્ષમાર્ગ થતો નથી.

૩૬. જેણે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો તેના અભિપ્રાયમાં એટલી તો દઢતા થઈ ગઈ કે હવે મારા હિતને માટે મારે જ્ઞાનસ્વભાવનું જ અવલંબન કરવાનું છે, એ સિવાય રાગના કોઈ પણ અંશનું અવલંબન નથી. તેના નિર્ણયની આવી દઢતા તેને પરના અવલંબનથી પાછો વાળીને સ્વભાવની સન્મુખ લઈ જાય છે—આ જ મોક્ષમાર્ગની રીત છે.

૩૭. ‘હું જ્ઞાન સ્વભાવ છું’ એમ નક્કી કર્યું એટલે હવે મારી શાંતિ માટે મારે આ જ્ઞાનની જ સેવા કરવાનું રહ્યું. અત્યાર સુધી જ્ઞાનસ્વભાવના નિર્ણય વગર પરભાવોને હિતરૂપ જાણીને તેની સેવા કરી, પણ હવે તેની સેવા અને તેનો આદર છોડીને, જ્ઞાનસ્વભાવનો જ આદર કર્યો; જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેની સેવા કરતાં સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર થાય છે.

૩૮. જ્યાં સુધી જ્ઞાન-સ્વભાવનો નિર્ણય ન હતો ત્યાં સુધી મતિ-શ્રુતજ્ઞાન તે સ્વભાવ તરફ વળતા ન હતા, પણ ઈન્દ્રિયો અને મન તરફ જ વળતા હતા; એટલે તે જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ થતી ન હતી, પણ ઈન્દ્રિયો અને મનના અવલંબનને એકાંત પરની જ પ્રસિદ્ધિ થતી હતી, તે જ્ઞાનો પોતાની જ્ઞાનમર્યાદાને છોડીને બહાર જતા હતા—રાગાદિમાં એકતાપણે વર્તતા હતા, એટલે તે જ્ઞાનમાં પોતાની મર્યાદા રહેતી ન હતી. હવે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતાં તેનો અચિંત્ય મહિમા લાવીને તે મતિ-શ્રુતજ્ઞાન સ્વસન્મુખ થાય છે, ઈન્દ્રિયો અને મનના અવલંબનથી પાછા વળીને, પર તરફથી ઉપયોગને પાછો ખેંચીને, જ્ઞાનને પોતાની મર્યાદામાં લાવે છે, એટલે સ્વસન્મુખ થઈને આત્માને સમ્યક્પણે પ્રસિદ્ધ કરે છે. આનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; આનું નામ ધર્મ છે, આમાં અપૂર્વ આત્મશાંતિ છે, ને આ જ મોક્ષનો ઉપાય છે.

૩૯. જ્ઞાનીની મર્યાદા એ છે કે પોતાના સ્વભાવમાં એકાગ્રપણે રહે. એક સૂક્ષ્મ વિકલ્પ ઊઠે તે પણ જ્ઞાનની મર્યાદાથી બહાર છે. જ્ઞાનની મર્યાદામાં એક સૂક્ષ્મ વિકલ્પનો પણ પ્રવેશ નથી. જ્યાં આવો નિર્ણય પણ ન કરે ને વિકલ્પથી—રાગથી લાભ માને તે તો હજી સમ્યગ્દર્શનના આંગણે પણ નથી આવ્યો. અહીં તો સમ્યગ્દર્શનના આંગણે આવેલો જીવ

**એકારથવાચી શબદ, અરુ દ્વિરુક્તિ જો હોય;**
**નામ કથનકે કવિતમેં, દોષ ન લાગે કોય. ૩**

અંતર્સ્વભાવમાં કઈ રીતે ઢળે છે તેની વાત છે.

૪૦. આ વાત કોના અંતરમાં ઉતરે ?—કે જેના અંતરમાં ધર્મની જિજ્ઞાસા ખરી જાગી હોય તે જિજ્ઞાસુ જીવ પોતાના હિતને માટે આ વાત અંતરમાં ઉતારીને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે; જગતમાં કોઈ પદાર્થોનો કર્તા હું નથી,—એનાથી તો હું જુદો છું—એમ સમજીને પર તરફનો ઉત્સાહ જેને ઓસરી ગયો છે; અન રાગની વૃત્તિઓમાં પણ મને આકુળતાનું જ વેદન ને અશાંતિ છે, જ્ઞાનના વેદનમાં જ શાંતિ છે—એમ નક્કી કરીને, રાગ તરફનો ઉત્સાહ પણ ઓસરી ગયો છે ને જ્ઞાન જ્ઞાનસ્વભાવ તરફના ઉત્સાહની જેને ભરતી આવી છે, —એવા જીવના અંતરમાં આ વાત ઉતરી જાય છે,—એટલે કે તેને શુદ્ધઆત્માની અનુભૂતિ થાય છે.

૪૧. ચૈતન્યસ્વભાવનો ઉત્સાહ છોડીને, રાગનો અને પરનાં કાર્યોનો ઉત્સાહ તે તો સંસારમાં રખડવાનું અને દુઃખનું કારણ છે.

૪૨. ભાઈ, પર ચીજ ક્યાં આવી અધૂરી છે કે તે તારી આશા કરે ? અને તારો આત્મા પણ ક્યાં એવો અધૂરો છે કે તે બીજાની આશા રાખે ? માટે તારી વૃત્તિને પર તરફથી પાછી વાળ.... ને સ્વ તરફ જા. પર તરફના વલણમાં અશાંતિ છે, સ્વ તરફ વળવાથી શાંતિ છે. શાંતિ કહો કે ધર્મ કહો,—તેની રીત આ એક જ છે.

૪૩. આત્મશાંતિના અનુભવની આ રીતમાં વચ્ચે ક્યાંક રાગનો પ્રવેશ નથી. પહેલાં કે પછી રાગ હો ભલે પણ તે કાંઈ ધર્મની રીતને મદદગાર તરીકે નથી. શાસ્ત્રભાષાથી કહીએ તો, નિશ્ચય સાથે વ્યવહાર હો ભલે, પણ તે વ્યવહાર નિશ્ચયને મદદગાર નથી, તેમજ વ્યવહાર કરતાં કરતાં તેના અવલંબને નિશ્ચય પમાશે—એમ પણ નથી. ભૂતાર્થ સ્વભાવના આશ્રયે જ ધર્મ થાય છે—એ એક અબાધિત નિયમ છે. ‘‘भूयत्थमस्सिदो खलु सम्माईट्ठी इवइ जीवो’’ (જુઓ, સમયસાર ગાથા-૧૧)

૪૪. ચૈતન્યમાં અદ્ભુત આનંદરસ ભર્યો છે,—તેવો આનંદરસ જગતના બીજા કોઈ પણ પદાર્થમાં નથી. ચૈતન્યનો નિર્ણય કરીને તેના આનંદરસમાં લીન થતાં જગતના બધા પદાર્થોમાંથી રસ ઊડી જાય છે. જે જગતના પદાર્થોમાં રસ લાગે, તેમાં સુખ લાગે, તે જીવ ચૈતન્યના રસમાં કેમ વળે ?

૪૫. જેને ચૈતન્યનો રસ હોય તેને અંતરથી ચૈતન્યના શાંત જળના તરંગ ઊછળે. જેમ નાળીએરમાં ભરેલું પાણી, છાલાં, કાચલાં ને ટોપરું એ ત્રણેની અંદર છે, છતાં ત્રણે

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૦ ઉપર)

પ્રથમ ૐકારરૂપ ઇશાન, કરુણાસાગર કૃપાનિધાન;
ત્રિભુવનનાથ ઇશ ગુણવૃન્દ, ગિરાતીત ગુણમૂલ અનિન્દ. ૪




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૩૯)

આત્માને જડ શરીર નથી ને આત્માને વિકારરૂપ શરીર પણ નથી, આત્મા વિકાર સાથે એકમેક નથી, પણ આત્મા તો ચૈતન્યરૂપી અમૃતથી ભરપૂર શરીરવાળો છે, ચૈતન્યઅમૃત એ જ આત્મા છે. આત્મા અરાગી-અદ્વેષી ચૈતન્યરસકંદ અતીંદ્રિય આનંદથી ભરેલો છે, એ જ તેનું સ્વરૂપ છે ને એ જ તેનું શરીર છે. આત્માનું એ શરીર કદી પોતાથી જુદું પડતું નથી. બાહ્ય જડ શરીર તો ધૂળનું છે, તે તો સ્વભાવથી જ મેલું છે. આત્માનું અંતરંગ ચૈતન્યશરીર છે તે સ્વભાવથી જ પવિત્ર છે. ક્ષણિક અવસ્થા જેટલું આત્મસ્વરૂપ નથી, એમ સમજીને ક્ષણિક અવસ્થાની દૃષ્ટિ છોડીને અભેદ આત્મસ્વભાવને માનવો તે સમ્યગ્દર્શન છે, અને એ સ્વભાવના અનુભવમાં લીન રહેવું તે સમ્યક્ચારિત્ર છે.—આ જ ધર્મ છે. આચાર્યભગવાન કહે છે કે હે ભાઈ! તું બાહ્ય શરીરને અને વિકારભાવોને પોતાના માની માનીને અનંતકાળથી સંસારમાં રખડે છે અને મોહથી અનંત દુઃખ ભોગવે છે. જો તું એ દુઃખથી છૂટવા ચાહે તો બહિર્દૃષ્ટિ છોડીને તારા પવિત્ર આત્મસ્વભાવનું જ્ઞાન કર, તેની શ્રદ્ધા કર ને તેમાં લીન થા. એ જ પરમસુખનો ઉપાય છે.

શ્રીકુંદકુંદભગવાન અધ્યાત્મની મૂર્તિ હતા, મહાસમર્થ સંતમુનિ હતા, આત્મઅનુભવમાં ઝૂલતા હતા; તેમણે આ નિયમસારમાં અધ્યાત્મરસનો દરીયો ભરી દીધો છે. અને શ્રી પદ્મપ્રભમલધારિદેવ પણ મહાસમર્થ મુનિ હતા, તેમણે ટીકામાં ઘણું ગંભીર રહસ્ય ખોલ્યું છે. શ્રીનિયમસારનો ત્રીજો—શુદ્ધભાવ—અધિકાર ચાલે છે. તેમાં પ્રથમ જ આચાર્યદેવે જણાવ્યું કે નિકટભવ્ય જીવોને શુદ્ધ જીવતત્ત્વ જ ઉપાદેય છે. શુદ્ધ પરમપારિણામિકભાવસ્વરૂપ સહજ કારણપરમાત્મા એવો પોતાનો આત્મા જ શુદ્ધજીવતત્ત્વ છે, તે ઉપાદેય છે, એ સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. એ જણાવ્યા પછી તે ઉપાદેયરૂપ શુદ્ધજીવતત્ત્વનું સ્વરૂપ વર્ણવે છે.

આત્માનો સ્વભાવ જડ પદાર્થોથી તો સર્વથા જુદો છે ને વિકારથી પણ જુદો છે; એ વાત તો દૂર રહો. ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક ને ક્ષાયિક ભાવો છે તે પણ એક સમય

ગુણી ગુપ્તી ગુણવાહક બલી, જગતદિવાકર કૌતૂહલી;
ક્રમવર્તી કરુણામય ક્ષમી, દશાવતારી દીરઘ દમી. ૫

પૂરતા, કર્મની અપેક્ષાવાળા ભાવો છે તેથી તે કોઈ ભાવો પણ દૃષ્ટિમાં ઉપાદેય નથી—અર્થાત્ તે ક્ષણિક ઉત્પન્નધ્વંશીભાવોને સમ્યગ્દર્શન સ્વીકારતું નથી. બંધ-પર્યાય જેટલો નહિ ને મોક્ષ-પર્યાય જેટલો પણ નહિ, બંધ અને મોક્ષ સર્વે પર્યાયો વખતે એકરૂપ પરિપૂર્ણ અને કર્મોની અપેક્ષાથી રહિત જે પવિત્ર આત્મસ્વભાવ છે તે જ ઉપાદેય છે, તેને જ સમ્યગ્દર્શન સ્વીકારે છે. આવા સ્વભાવને જાણે ત્યારે શુદ્ધજીવતત્ત્વને જાણ્યું કહેવાય. હે ભવ્ય જીવો ! જો તમને સંસારના દુઃખથી થાક લાગ્યો હોય અને તમે મુક્તિસુખને ચાહતા હો તો તમારા આવા પરમ નિરપેક્ષ સ્વભાવને ઓળખો, તેની રુચિ-બહુમાન કરો, તેનું મનન કરો ને તેનું ધ્યાન કરો. જેઓ આત્મસ્વરૂપના શોધક છે—આત્મસ્વભાવ સમજવાની જેઓને ઝંખના છે તેને જ આવો આત્મા જ્ઞાનગોચર થાય છે. જેને વિકાર વગેરેની રુચિ છે—સંસારસુખની રુચિ છે—તે જીવને શુદ્ધ આત્મસ્વભાવ સમજાતો નથી. ઘણા મૂઢ જીવો સત્સમાગમે યથાર્થ જ્ઞાન કર્યા પહેલાં ધ્યાન કરવા મથે છે. પણ હજી આત્માના સાચા જ્ઞાન વગર તે કોનું ધ્યાન કરશે ? આંખ મીંચીને અંદર જોશે તો અંધારાનાં ઘૂંચળા દેખાશે, ને બહાર જોશે તો જડ પદાર્થો દેખાશે. જેણે સત્સમાગમે આત્માની ઓળખાણ કરી નથી તેને ધ્યાનમાં આત્માનો અનુભવ થતો નથી પણ વિકારનો અનુભવ થાય છે એટલે કે તેને અધર્મધ્યાન થાય છે. એવા ઊંધા જીવની આચાર્યદેવે વાત નથી લીધી, પણ સવળી જ વાત કરી છે કે જેઓ આત્માને જોવાના કામી છે તે જીવોને આત્મા અનુભવગોચર થાય છે. માટે હે ભવ્ય જીવ ! તું તારી બુદ્ધિ શુદ્ધ આત્મામાં જોડ.

અજ્ઞાની જીવે કદી પોતાનું શુદ્ધસ્વરૂપ અનુભવ્યું નથી, તેથી પહેલાં તો, જેમને શુદ્ધાત્માનો અનુભવ વર્તે છે એવા જ્ઞાનીના સમાગમે, પાત્ર થઈને શ્રવણ કરીને આત્મસ્વરૂપને જાણવું જોઈએ. જેવું સર્વજ્ઞભગવાને આત્માનું સ્વરૂપ જાણ્યું છે અને કહ્યું છે તેવું જ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા અનુભવે છે, અને તે જ્ઞાનીઓ જ તે સ્વરૂપ યથાર્થ કહેવાને સમર્થ છે. જ્ઞાનીને ઓળખીને તેમના વિનય-બહુમાનપૂર્વક સત્‌નું શ્રવણ કરીને ખ્યાલમાં લઈને પછી અંતર્મુખદૃષ્ટિ કરે ત્યારે શુદ્ધાત્માનો અનુભવ થાય છે. જેઓ આત્માના ખોજક નથી તેઓને શુદ્ધાત્મા અનુભવગોચર થતો નથી. જેઓ આત્માના ખોજક છે તેઓને પણ આ સિવાય બીજા કોઈ ઉપાયથી શુદ્ધાત્મા અનુભવગોચર થતો નથી. આ સિવાય પુણ્ય વગેરેને સાધન માને, કે બીજો કોઈ ઉપાય માને તો તે જીવ માત્ર 'મોહ-ભજન' કરે છે.

આ જગતમાં એક જ આત્મા નથી પણ અનંત આત્માઓ છે, ને દરેક જુદો જુદો છે.

| |
|---|
| **અલખ અમૂરતિ અરસ અખેદ, અચલ અબાધિત અમર અવેદ;** |
| **પરમ પરમગુરુ પરમાનન્દ, અન્તરજામી આનંદકન્દ. ૬** |

એકેક આત્મા અનંતગુણોથી પરિપૂર્ણ છે; એકેક આત્મા પોતે જ પરમાત્મા થઈ શકે છે. મુક્તદશામાં પણ અનંત પરમાત્માઓ દરેક જુદા જુદા બિરાજે છે, કોઈ એક બીજામાં ભળી જતા નથી. જે ક્ષેત્રે એક આત્મા છે તે જ ક્ષેત્રે અનંત આત્માઓ છે, પણ તેમાં દરેકની સત્તા સ્વતંત્ર છે. ત્રણકાળમાં એક પદાર્થ બીજા પદાર્થમાં ભળી જાય નહિ. ક્ષેત્રથી ભેગા હોય પણ સત્તાથી જુદા છે. ક્ષેત્રથી તો, આ લોકમાં એક જગ્યાએ જીવ-પુદ્‌ગલ વગેરે છએ દ્રવ્યો ભેગાં છે. આખા લોકમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં છએ દ્રવ્યો રહેલાં ન હોય, પરંતુ સદા છએ દ્રવ્યો સ્વતંત્ર છે. જીવ કદી પુદ્‌ગલમાં ભળી જતો નથી, પુદ્‌ગલ જીવરૂપ થઈ જતું નથી, તેમ સિદ્ધદશામાં પણ એકેક આત્માની સત્તા જુદી જુદી જ છે.—આમ પોતાના આત્માની જુદી સ્વતંત્ર સત્તા સ્વીકાર્યા વગર આત્માની સાચી ઓળખાણ થાય નહિ. જેને તાપથી ઉકળાટ લાગ્યો હોય ને શાંતિ જોઈતી હોય તે પોતે જઈને પાણીમાં પડે છે, તેમ જેને સંસારના તાપથી ઉકળાટ લાગ્યો હોય ને આત્માની શાંતિની ઝંખના હોય તે જીવ પોતે સત્પુરુષને શોધીને તેનો સમાગમ કરે છે જેમ અફીણવાળાની દુકાને મીઠાઈ મળે નહિ તેમ આત્માની સમજણ અજ્ઞાની—કુગુરુ પાસેથી મળે નહિ. આત્માની સમજણ કરવા માટે જ્યાં સત્ય સમજાવાતું હોય એવા જ્ઞાનીઓ સમાગમ કરે, અને સત્‌ સમજીને અંતરમાં તેની ખોજ કરીને અનુભવ કરે, તો અનાદિના સંસારનો ઉકળાટ ટળે ને આત્માનું સુખ પ્રગટે.

જેણે કદી સત્‌ સાંભળ્યું જ નથી તેને તો આત્માનું ભાન હોય નહિ અને સત્‌ સાંભળીને પણ જે જીવ અંતર્‌મંથન ન કરે તેને પણ આત્મભાન થાય નહિ. આત્મા શરીર વગેરે જડ પદાર્થોની ક્રિયાનો ધણી છે—એમ માને તે મહા મિથ્યાદૃષ્ટિ છે અને પુણ્યક્રિયાથી ધર્મ થાય એમ માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જડથી અને પુણ્યથી જુદી, આત્મસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનરૂપ ક્રિયાથી ધર્મ થાય છે; માટે ભવ્ય જીવોએ પાત્રતા મેળવીને આત્મસ્વભાવને જાણવો જરૂરનો છે. સંસારનાં સુખ તે ઝેર જેવાં છે ને ચૈતન્યમૂર્તિ આત્મા અમૃતસુખથી ભરેલો છે. પાંચ ઇંદ્રિયોના વિષયોમાં જેને સુખની માન્યતા છે તે જીવને આત્માના અતીન્દ્રિય સુખનો અનુભવ હોતો નથી. મારું સુખ બહારના કોઈ વિષયોમાં નથી; હું પોતે સહજસુખથી ભરેલો છું—એમ પોતાના આત્માની સમ્યક્‌શ્રદ્ધા કરવી તે ધર્મ છે, અને તે જ સંસારદુઃખથી છૂટીને સુખી થવાનો ઉપાય છે. માટે મોક્ષાર્થી જીવોએ શુદ્ધ—આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા જોઈએ.

અહીં ૩૯ મી ગાથા પૂરી થઈ. (ક્રમશઃ) ❊

પ્રાણનાથ પાવન અમલાન, શીલસદન નિર્મલ પરમાન;
તત્ત્વરૂપ તપરૂપ અમેય, દયાકેતુ અવિચલ આદેય. ૭



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**सो वि विणस्सदि जायदि विसेसरूवेण सव्वदव्वेसु ।**
**दव्वगुणपज्जयाणं एयत्तं वत्थु परमत्थं ।।२४२।।**

પ્રશ્ન—દરેક દ્રવ્ય પોતપોતાના પરિણામનું ઉપાદાન કારણ છે અને અન્ય બાહ્ય દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે—એમ ૨૧૭મી ગાથામાં કહ્યું છે. ૨૧૧મી ગાથામાં કહ્યું કે પુદ્‌ગલકર્મની કોઈ અચિંત્યશક્તિ છે કે તે જીવના કેવળજ્ઞાનને વ્યક્ત થવા દેતી નથી, તો શું આ બંને કથનોમાં પરસ્પર વિરોધ છે?

ઉત્તર—ભાઈ! વિરોધ નથી, પરંતુ ૨૧૧મી ગાથામાં તો પુદ્‌ગલના ઉત્કૃષ્ટ નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા માટે નિમિત્ત અપેક્ષાએ કથન છે. જીવને પોતાની યોગ્યતાથી કેવળજ્ઞાન પ્રગટ ન થયું ત્યારે તેમાં નિમિત્તરૂપ પુદ્‌ગલકર્મ હોય છે—એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પરંતુ કોઈના કારણે કોઈની પર્યાય નથી. સુખ-દુ:ખ થવું, જીવને પોતાના ત્રિકાળ આનંદગુણનું પરિણમન છે. દુ:ખમાં પણ પોતાના પરિણામ છે, કોઈ સંયોગને કારણે દુ:ખ થતું નથી. રાગ હોય કે સિંહ મારી નાખે, આ કોઈપણ સંયોગનું દુ:ખ આત્માને નથી. પરંતુ આત્માનો આનંદગુણ વિપરીત અવસ્થારૂપ પરિણમિત થયો, તે જ દુ:ખ છે. આ પ્રકારે અનુકૂળ વિષયોમાં સુખ નથી, સુખ તો આત્માના આનંદગુણના આશ્રયે-આધારે પ્રગટ થાય છે. પોતામાં સુખ-દુ:ખ પર્યાયનો ઉત્પાદ કોઈ પરને કારણે થતો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને કથંચિત્ અભેદપણું છે. અને આ ત્રણેની એકરૂપતા જ વસ્તુ છે.

દરેક ક્ષણે જે પર્યાય ઉત્પન્ન થાય છે, તે ગુણ-ગુણીનું પરિણમન છે. ગુણ અને ગુણી બંને અખંડરૂપથી પર્યાયમાં પરિણમિત થાય છે. દ્રવ્યનું પરિણમન અલગ અને ગુણનું પરિણમન અલગ—એમ નથી. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણ એકસાથે પરિણમિત થાય છે. જે પર્યાય થઈ, તે ગુણ-ગુણીનું વિશેષપરિણમન છે પરંતુ કોઈ પરને કારણે તે પર્યાય થઈ નથી. રાગપર્યાય હોય કે વીતરાગીપર્યાય હોય, તેમાં ચારિત્રગુણ અને આત્મા પરિણમિત થાય છે. સમ્યક્‌શ્રદ્ધા અથવા મિથ્યાશ્રદ્ધામાં આત્માનો શ્રદ્ધાગુણ

**શીલસિન્ધુ નિરુપમ નિર્વાણ, અવિનાશી અસ્પર્શ અમાન;**
**અમલ અનાદિ અદીન અછોભ, અનાતંક અજ અગમ અલોભ. ૮**

પોતે કર્તા થઈને પરિણમિત થાય છે. સમ્યગ્જ્ઞાન અથવા મિથ્યાજ્ઞાનપર્યાયમાં જ્ઞાનગુણ અને આત્મા સ્વતંત્રરૂપથી પરિણમિત થાય છે. જો એક સમયની પર્યાયને પણ પરતંત્ર માનશો તો ત્રણકાળની પર્યાય પરતંત્ર થશે અને ત્યારે તો ગુણ અને દ્રવ્ય પરાધીન થઈ ગયા, પરંતુ વસ્તુ અને તેના ગુણ-પર્યાય સ્વતંત્ર છે. એક સમયની પર્યાય, પણ પરના કારણે થતી નથી. પરદ્રવ્ય પરદ્રવ્યનો જરા પણ કર્તા નથી. આત્મા પોતાની જ્ઞાનપર્યાયનો કર્તા છે, પરંતુ કર્તા શું કરી શકે? શ્રી સમયસારમાં કહ્યું છે કે

''आत्मा ज्ञानं स्वयं ज्ञानं, ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा, मोहोऽयं व्यवहारिणाम् ।।६२।।

અર્થ : આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ જ્ઞાન છે; તે જ્ઞાન સિવાય બીજું શું કરે. આત્મા પરભાવનો કર્તા છે—એમ માનવું અથવા કહેવું, તે તો વ્યવહારિક જીવોનો મોહ-અજ્ઞાન છે.''

આત્મા પોતાની પર્યાયને કરે પરંતુ પરમાં શું કરે? મતિજ્ઞાન અથવા કેવળજ્ઞાન, રાગ અથવા વીતરાગતા—આ બધી અનિત્ય પર્યાયો છે. આ પર્યાય દ્રવ્ય-ગુણના પરિણમનથી થાય છે; આ પ્રમાણે દરેક પદાર્થોની પર્યાયો પોતપોતાના દ્રવ્ય-ગુણથી જ થાય છે. પરમાણુમાં રંગગુણ કાયમ રહીને, તેની પર્યાય લાલથી લીલી થાય છે; એક અંશમાંથી અનંત અંશ ચિકાશ અથવા રૂખી થઈ જાય છે–તે પોતાના સ્વભાવથી પરિણમે છે. ઉપાદાનના સમયે નિમિત્ત હોય છે પરંતુ તે નિમિત્ત પોતે નિમિત્તમાં પરિણમે છે અને ઉપાદાન, ઉપાદાનમાં પરિણમે છે. નિમિત્ત પદાર્થ પોતાનું તો ઉપાદાન છે. પદાર્થ પોતાના સ્વભાવથી પોતાની દરેક સમયની પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે, તેને બદલવા જગતમાં કોઈ સમર્થ નથી.

હવે આશંકા થાય છે કે—દ્રવ્યોમાં પર્યાય વિદ્યમાન ઊપજે છે કે અવિદ્યમાન ઊપજે છે? એવી આશંકાનું સમાધાન કરે છે :–

**जदि दव्वे पज्जाया वि विज्जमाणा तिरोहिदा संति ।**
**ता उप्पत्ति विहला पडपिहिदे देवदत्तिव्व ।।२४३।।**

અર્થ :—જો દ્રવ્યમાં પર્યાયો છે, તે વિદ્યમાન છે અને તિરોહિત એટલે ઢંકાયેલી છે' એમ માનીએ તો ઉત્પત્તિ કહેવી જ વિફલ (વ્યર્થ) છે. જેમ દેવદત્ત

**અનવસ્થિત અધ્યાતમરૂપ, આગમરૂપી અઘટ અનૂપ;**
**અપટ અરૂપી અભય અમાર, અનુભવમંડન અનઘ અપાર. ૯**

કપડાથી ઢંકાયેલો હતો તેને ઉઘાડ્યો એટલે કહે કે 'આ ઊપજ્યો', પણ એમ ઊપજવું કહેવું તે વાસ્તવિક નથી–વ્યર્થ છે; તેમ ઢાંકેલી દ્રવ્યપર્યાયના પ્રગટ થતા ઉત્પત્તિ કહેવું પરમાર્થ નથી; માટે દ્રવ્યમાં અવિદ્યમાન પર્યાયની જ ઉત્પત્તિ કહીએ છીએ.

વસ્તુમાં વર્તમાન પર્યાય સિવાય અન્ય પર્યાય વ્યક્તરૂપે વિદ્યમાન નથી, તે પર્યાય તો અવિદ્યમાન અર્થાત્ શક્તિરૂપ છે. પર્યાય તો પ્રગટ છે પરંતુ ઢાંકેલી છે–એમ નથી. આત્મામાં કેવળજ્ઞાન પર્યાય પ્રગટાવવાનું સામર્થ્ય છે, તે તો ગુણરૂપ છે. એમ નથી કે કેવળજ્ઞાનપર્યાય તો વિદ્યમાન પડી છે પણ તે ઢાંકેલી છે અને તેનું ઢાંકણું ખોલતાં જ કેવળજ્ઞાનપર્યાય પ્રગટ થાય છે. જુઓ, ભવિષ્યની પર્યાય કેવી પ્રગટ થશે? આ વર્તમાનમાં નક્કી તો છે પરંતુ તે પર્યાય વ્યક્ત નથી. તે પર્યાય તેના કાળમાં વ્યક્ત થશે. દ્રવ્યમાં પર્યાય વ્યક્ત નથી પડી પરંતુ શક્તિરૂપ છે, તેમનું પરિણમન તો ભવિષ્યમાં તેના કાળમાં થશે. ભવિષ્યની પર્યાયનો કાળ નિશ્ચિત છે પરંતુ તે પર્યાયો વ્યક્તરૂપે નથી; વ્યક્તરૂપે તો એક વર્તમાન પર્યાય જ છે. બીજી પર્યાયને વ્યક્ત કહેવું અને ઢાંકેલી કહેવી તથા પછી તે આવરણ ઉઘડતા પ્રગટ થઈ તેમ કહેવું વિરુદ્ધ છે.

જેમ કોઈ વસ્તુ પડી હોય પરંતુ તે કપડાંથી ઢાંકેલી હોય તો કપડું હટાવતા આ પ્રકારે કહેવું કે વસ્તુ પ્રગટ થઈ; આ પ્રમાણે વસ્તુમાં પર્યાય વ્યક્ત પડી છે પરંતુ ઢાંકેલી છે, તે ઢાંકણું હટાવતા તે પર્યાય પ્રગટ થાય છે—એમ છે નહીં. ચાર જ્ઞાનના સમયે કેવળજ્ઞાન પર્યાય નથી; ચાર જ્ઞાનની પર્યાય વ્યય થઈને કેવળજ્ઞાન પર્યાય નવી પ્રગટ થાય છે. દ્રવ્યમાં ત્રણેકાળની પર્યાયો નિશ્ચિત છે પણ પ્રગટરૂપે તો એક જ પર્યાય છે. જુઓ, કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય પ્રગટ થયું ત્યાં સામે જ્ઞેયરૂપે પરિપૂર્ણ નિમિત્ત છે એટલે કે ત્રણકાળની પર્યાયો કેવળજ્ઞાનમાં જણાય છે. કેવળજ્ઞાનની સામે ત્રણકાળની પર્યાય, દ્રવ્યમાં નિશ્ચિત પડી છે. એક સમયમાં સંપૂર્ણ દ્રવ્ય ત્રણ કાળની પર્યાયો સહિત જ્ઞેય થાય છે. અહીં નૈમિત્તિક કેવળજ્ઞાન પરિપૂર્ણ છે અને સામે નિમિત્ત પણ એક સમયમાં પૂર્ણ છે. ભલે તે દરેક પર્યાયો એક સાથે પ્રગટ નથી પરંતુ દ્રવ્યમાં બધી પર્યાયો નિશ્ચિત છે. (ક્રમશઃ)

વિમલપૂતશાસન દાતાર, દશાતીત ઉદ્ધરન ઉદાર;
નભવત પુંડરીકવત્ હંસ, કરુણામન્દિર એનવિધ્વંસ. ૧૦

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૭, ગાથા - ૧૯)

## ચૈતન્ય-ચિંતામણિ પાસે ખોળના ટુકડા જેવા તુચ્છ ઈન્દ્ર-ચક્રવર્તીના વૈભવોની યાચના ન કરાય

આ ઈષ્ટોપદેશ-પ્રિય ઉપદેશ ચાલે છે. તેમાં ૧૯મી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે પ્રભુ ! ધનથી ભલે શરીરને તો લાભ નથી પણ ધનથી આત્માને તો લાભ છે ને ? ધનથી બધી અનુકૂળતા મળે અને અનુકૂળતામાં ધર્મસાધન સારી રીતે થઈ શકે તેથી ધનથી આત્માનો ઉપકાર તો થાય છે ને વળી ધનથી દાન દેવાય, ધર્મની પ્રભાવના થાય માટે ધનથી આત્માને ઉપકાર થાય તે ખરું ને ?

શિષ્યના આ પ્રશ્નનો ૧૯મી ગાથા દ્વારા મુનિરાજ ઉત્તર આપે છે :—

નિમિત્તથી કથન કરતાં પૂજ્યપાદસ્વામી કહે છે કે જેમ અનશન આદિ તપ આત્માને જ્ઞાન-ધ્યાન કરવા માટે ઉપકારક છે, બહારની ખાવા આદિની પ્રવૃત્તિથી આત્મા નિવૃત્ત હોય તો વિશેષ જ્ઞાન-ધ્યાનની ક્રિયા થઈ શકે છે, વળી તેનાથી પોતાના જૂના અને નવા પાપોનો નાશ થાય તેથી અનશનાદિ તપ જીવને ઉપકારક છે, એ જ તપ શરીરને અપકારક છે. કેમકે ખોરાક ન મળવાથી કે ઓછો મળવાથી શરીર શિથિલ થઈ જાય છે. જ્ઞાન-ધ્યાનમાં વિશેષ પ્રવૃત્તિ થતાં શરીરની અનુકૂળતાનું ધ્યાન રહેતું નથી તેથી તપ શરીરને અપકારક છે. અહીં નિમિત્તથી વાત કરીને જુદી જ ઢબથી સમજાવ્યું છે. આત્માને ઉપયોગી અનુષ્ઠાન શરીરને અહિતમાં-અપકારમાં નિમિત્ત થાય છે. એથી વિપરીત ધનાદિ તથા ભોજન વગેરે શરીરની ક્ષુધાદિ દૂર કરવામાં નિમિત્ત હોવાથી તે ધનાદિ શરીરને ઉપકારમાં નિમિત્ત છે પણ તે ધન પ્રાપ્ત કરવામાં—કમાવામાં પાપ અને ચિંતા થાય છે. વળી એ પાપથી દુર્ગતિમાં ગમન કરવું પડે છે માટે ધનાદિ આત્માને અપકારક છે.

અરે ! ધન કમાવામાં પાપ લાગે તે તો આત્માને નુકસાનકારક છે, દુર્ગતિમાં લઈ જનાર છે. પણ એ ધનને દાનમાં દેવું તે પણ શુભભાવ હોવાથી બંધનું કારણ છે. લક્ષ્મી તરફ લક્ષ જવું તે જ બંધનું કારણ છે. દુનિયા કરતાં વીતરાગનો માર્ગ તદ્દન જુદો છે. લક્ષ્મી તો જડ ચીજ છે. તેને દાનમાં દઈને તેનો સ્વામી થઈને અભિમાન કરે કે જુઓ !

**નિરાકાર નિહચૈ નિરમાન, નાનારસી લોકપરમાન;**
**સુખધર્મી સુખજ્ઞ સુખપાલ, સુન્દર ગુણમન્દિર ગુણમાલ. ૧૧**

મેં આટલું ધન દાનમાં દીધું, આટલા જિનમંદિર બંધાવ્યા—એવા ભાવમાં તો તેને મિથ્યાત્વનું બંધન થાય છે. મિથ્યાત્વ તે મહાન પાપ છે. ધનનો એક રજકણ પણ પોતાથી દીધો દેવાય નહિ ને લીધો લેવાય નહીં, કેમકે એ જડ છે ને પોતે ચૈતન્ય છે. બંને સ્વતંત્ર દ્રવ્ય છે. સ્વદ્રવ્યનું લક્ષ છોડીને પરદ્રવ્યનું લક્ષ કરવું અને તેના સ્વામી થવું તે મહામિથ્યાત્વ છે. તેમાં પોતાને મોટું નુકસાન થાય છે. સ્વદ્રવ્યની દૃષ્ટિ ચૂકી જવાય છે.

પૈસા રળવા.... છોકરાંને મોટા કરવા.... પરણાવવા....એ બધું એકલું પાપ...પાપ ને પાપ જ છે. માટે તે કાર્યને જીવ અજ્ઞાનવશ લાભદાયક અને કરવાયોગ્ય માને છે પણ તે મહાદુઃખદાયક, નુકસાનકારક તથા દુર્ગતિનું કારણ છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને તેમાં રમણતા તે જ આત્માને લાભદાયક છે. બાકી નરકમાં જાય કે સ્વર્ગમાં જાય પણ આત્માને પોતાના શ્રદ્ધા-જ્ઞાન વગર તે બધું દુઃખદાયક અને બંધનું કારણ છે. માટે બૈરાં, છોકરાં, કુટુંબ, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન આદિ બધું આત્માનું અહિત થવામાં નિમિત્ત છે—એમ તું નક્કી કર તો જ તારી દૃષ્ટિ ત્યાંથી ખસીને સ્વભાવ તરફ ઢળશે અને તો જ તારું હિત થશે. સુખનું સાધન તું પોતે જ છો માટે બહારમાં ક્યાંય સુખ માટે ઝાંવાં ન નાખ ! પરદ્રવ્ય તરફની દુનિયાની હોંશ ઉડાડી દ્યે એવી આ વાત છે.

તારું લક્ષ તો પ્રભુ ! તારી અંતરની શુદ્ધ લક્ષ્મી અંદરમાં પડી છે ત્યાં હોવું જોઈએ. જેટલું પરલક્ષ છે તે બધું તને નુકસાનકારક-દુઃખદાયક છે એમ તું સમજ ભાઈ ! શરીર ને ધનાદિક લાભદાયક ભલે હો પણ તને તો નુકસાનકારક જ છે. વીતરાગી સંતોએ કહેલી આ વાત છે. પુદ્‌ગલના રજકણોની પર્યાય જે કાળે જેમ થવાની હોય તેમ જ થાય. પલટતાં પ્રવાહમાં ધનના રજકણો જ્યાં ખડકાવાના હોય ત્યાં જ આવીને ભેગા થાય. તેનો કર્તા તું તો નહિ, પણ ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ તેમાં ફેરફાર કરી શકતા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરી શકે માટે નક્કી કર કે ધનાદિ દ્વારા જીવને ઉપકારની ગંધ પણ નથી. એક માત્ર ધર્મનો જ જીવ ઉપર ઉપકાર છે.

ભગવાન આત્મા... શુદ્ધ ચૈતન્યપિંડની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતારૂપી ધર્મ જ આત્માનો ઉપકારક છે. બીજો કોઈ આત્માનો ઉપકારક નથી. પુણ્ય-પાપના પરિણામથી પણ જીવને તો નુકસાન જ છે. આત્મજ્ઞાન-આત્મદર્શન-આત્મશાંતિ સિવાય પુણ્યનો વિકલ્પ, શરીર, લક્ષ્મી આદિ બધાં જીવને અપકારક છે. જેમાં તું નથી તેનાથી તને ઉપકાર કેમ થાય ? જેમાં તું નથી તેનું લક્ષ કરવાથી તને એકલું નુકસાન....નુકસાન જ છે.

**અમ્બરવત આકાશવત, ક્રિયારૂપ કરતાર;**
**કેવલરૂપી કૌતૂકી, કુશલી કરુણાસાગર. ૧૨**

બહારની ચીજોની મહિમા આડે જીવને પોતાની મહિમા કદી આવી જ નથી. વીજળીના ઝબકારા જેવા ક્ષણિક સંયોગોમાં જ અનાદિથી જીવને લાભની બુદ્ધિ થઈ રહી છે તેથી તેમાં જ જીવને સુખની કલ્પના થાય છે. મારો સ્વાશ્રય ભાવ જ મને ઉપકારી છે એવો અનંતકાળમાં કોઈ વખત પોતે નિર્ણય જ કર્યો નથી, અભ્યાસ જ પરનો થઈ રહ્યો છે. તને સ્વાશ્રિત અને સુખી બનાવવા માટે આ વીતરાગની વાતો છે ભાઈ !


આત્માના શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા તે જ આત્માના હિતકર છે, ઉપકારી છે. પરદ્રવ્યનું જે થવાનું હોય તે થાય. હું તો મારા દ્રવ્યનો લાભ લઈ લઉં—એમ થવું જોઈએ. પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવના આ માર્ગ વિના જીવના ઉદ્ધારનો બીજો કોઈ માર્ગ નથી. પરદ્રવ્યનો આશ્રય છોડી સ્વદ્રવ્યનો આશ્રય કરવો તે એક જ માર્ગ છે.

હવે શિષ્ય ફરી બીજો પ્રશ્ન કરે છે કે મહારાજ ! અમે તો એવું સાંભળ્યું છે કે 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' અને શરીર જ ખરેખર તો ધર્મનું મુખ્ય સાધન છે. કારણ કે શરીરમાં રોગ હોય તો એકાગ્રતાથી ધર્મધ્યાન થઈ શકતું નથી. માટે નીરોગી શરીર ધર્મ માટે ઉપકારી છે. આમ શિષ્ય ગુરુ પાસે વાત મૂકે છે તેને મુનિરાજ કહે છે કે શરીરના રોગને કે નીરોગતાને આત્મા સ્પર્શતો પણ નથી તેથી શરીરની રોગી કે નીરોગી અવસ્થા સાથે આત્માના ધર્મને કાંઈ સંબંધ નથી. રોગ સમયે પણ રોગથી જુદો રહીને આત્મા પોતાને જાણી શકે છે. હું તો જાણનાર—દેખનાર જ્ઞાયક છું ને ! એવી સ્થિતિ અંતરમાં જીવે ઊભી કરવી જોઈએ. અને એવી સ્થિતિ ઊભી થાય તેને પછી વધુ જન્મ-મરણ ન હોય, તેને અલ્પકાળમાં જન્મ-મરણ રહિત અવિનાશી સિદ્ધદશા પ્રાપ્ત થાય.


શિષ્ય વિશેષ કહે છે કે શરીરના રોગને દૂર કરવો પણ મુશ્કેલ નથી. ધ્યાન દ્વારા રોગાદિક સહેલાઈથી દૂર થઈ શકે છે. અંતરમાં જ્ઞાનનું ધ્યાન કરતાં આત્માને તો શાંતિ થાય પણ શરીરનો રોગ પણ ચાલ્યો જાય. જ્યાં આત્મા સ્વભાવના સરાણે ચડે ત્યાં અંતરમાં તો લાભ થાય પણ બહારમાં પુણ્ય બંધાય તેના ફળમાં શરીર પણ નીરોગી થઈ જાય. શિષ્યને મુનિરાજે ધનથી આત્માના ઉપકારની ના કહી તેથી શિષ્યે ધ્યાનથી શરીરના ઉપકારની વાત મૂકીને તેના અનુસંધાનમાં તે કહે છે કે તત્ત્વાનુશાસનના ૨૧૭ કળશમાં પણ આ સંબંધી વાત છે કે જે આ લોક સંબંધી ફળ છે અને પરલોક સંબંધી ફળ છે તે બંને ફળોનું પ્રધાન કારણ ધ્યાન જ છે. ધ્યાનને માટે કાંઈ દુર્લભ નથી.

(ક્રમશઃ) ❋

**જ્ઞાનગમ્ય અધ્યાતમગમ્ય, રમાવિરામ રમાપતિ રમ્ય;**
**અપ્રમાણ અઘહરણ પુરાણ, અનમિત લોકાલોક પ્રમાણ. ૧૩**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



### નારકીનાં દુઃખોનું વિશેષ વર્ણન

सेमर तरु दलजुत असिपत्र, असि ज्यों देह विदारैं तत्र ।
मेरु समान लोह गलि जाय, ऐसी शीत उष्णता थाय ।।१०।।

નરકભૂમિમાં સેમરનાં ઝાડ એવાં હોય છે કે જેનાં પાંદડા તલવારની તીખી ધાર જેવા હોય છે. તે ઝાડ નીચે જરાક વિસામો લેવાની આશાથી જાય ત્યાં તો ઉપરથી સેમરતરુનાં પાન પડીને તેના શરીરને વીંધી નાંખે છે; ને તેનાં ફૂલ પણ ૨૫–૫૦ મણના તોતીંગ ગોળાની જેમ તેના ઉપર પડીને તેને છૂંદી નાંખે છે. જ્યાં જ્યાં સુખની આશાથી જાય છે ત્યાં ત્યાં તે મહા દુઃખને પામે છે. 'ભોમાંથી ભાલાં ઊગ્યા' એમ કહેવાય છે, નારકીમાં ખરેખર તેવું જ છે. ત્યાંના પૃથ્વી અને ઝાડ પણ તે જીવને ભાલાની જેમ વીંધી નાંખે છે. વળી ત્યાં ઠંડી અને ગરમી એટલી કે લાખ યોજનના મેરુપર્વત જેવડો લોખંડનો ગોળો પણ ઉપરથી નીચે નાંખતાં રસ્તામાં જ ઓગળી જાય. જેમ અગ્નિમાં ઘી ઓગળી જાય તેમ ત્યાંની ગરમીમાં લોખંડનો લાખો મણનો ગોળો ઓગળી જાય છે; ને ઠંડીમાં પણ જેમ હીમથી ઝાડપાન બળી જાય છે તેમ લોખંડના ગોળાના રજકણો વેરવિખેર થઈને બળી જાય છે. આવી ઠંડી કે ગરમી ઓછામાં ઓછા દશ હજાર વર્ષથી માંડીને અસંખ્ય વર્ષો સુધી તે જીવોને સહન કરવી પડે છે.

પહેલી ચાર નરકમાં ભૂમિ ગરમ છે, પાંચમી નરકના અમુક ભાગોમાં ઠંડી છે, છઠ્ઠી તથા સાતમી નરકમાં ભૂમિ ઠંડી છે. પહેલી નરકમાં ઓછામાં ઓછું આયુષ્ય દસહજાર વર્ષ છે; પછી દશહજાર વર્ષ ઉપર એકસમય, બેસમય—એમ એકેક સમય વધતાં છેવટે સાતમી નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ છે. આ રીતે દશહજાર વર્ષથી માંડીને ૩૩ સાગરોપમ સુધીના જે અસંખ્ય ભંગ, તે દરેકમાં અનંતવાર જીવ ઊપજી ચૂક્યો છે. અરે, અનંતકાળમાં દીર્ઘભ્રમણમાં જીવે શું બાકી રાખ્યું છે! ભાઈ, તારા દુઃખની દીર્ઘતાનીયે તને ખબર નથી. એની ખબર પડે તો એનાથી છૂટવાનો ઉપાય કર્યા વગર રહે નહીં. અનાદિ-અનંત ટકનારો જીવ, તેનો અનાદિથી અત્યાર સુધીનો દીર્ઘકાળ દુઃખમાં જ વીત્યો. જો

કૃપાસિન્ધુ કૂટસ્થ અછાય, અનભવ અનારૂઢ અસહાય;
સુગમ અનન્તરામ ગુણગ્રામ, કરુણાપાલક કરુણાધામ. ૧૪

આત્મભાન કરીને સિદ્ધપદ સાધે તો, સંસાર કરતાંય સિદ્ધપદનો કાળ અનંતગુણો છે—એવા સિદ્ધપદનું મહાસુખ પ્રાપ્ત થાય ને સંસારદુઃખનો અંત આવી જાય.

નરકમાં સ્પર્શ–રસ–ગંધ એ બધુંય પ્રતિકૂળ છે; ત્યાં ઘડીભર પણ સાતા નથી. હજારો–લાખો વર્ષ નરકની ઠંડી–ગરમીનાં દુઃખ સહન કર્યા, શરીરમાં ભાલા ભોંકાય એવી પૃથ્વીમાં રહ્યો; એનો એ જીવ અત્યારે છે, પણ એ બધું ભૂલી ગયો! અત્યારે એક કાંટો લાગે તોય સહન નથી કરતો. શરીરની સગવડ આડે આત્માને સાવ ભૂલી રહ્યો છે. આત્માનું જ્ઞાન નહિ કરે તેને માટે ચાર ગતિનાં એવાં ને એવાં દુઃખો પાછાં ઊભા છે. માટે હે ભાઈ! આ મનુષ્યપણામાં આત્માની દરકાર કરજે. ઘણા જીવો તો નરકનાં દુઃખનું વર્ણન સાંભળીને વૈરાગ્ય પામી ગયા ને દીક્ષા લઈને મુનિ થયા...તેમણે આત્માના આનંદમાં લીન થઈને દુઃખનો અભાવ કર્યો.

અહીં જરાક જેટલી પ્રતિકૂળતા આવતાં રાડ નાંખે છે, પણ નરકની પ્રતિકૂળતા પાસે તો અહીંની પ્રતિકૂળતા કાંઈ જ હિસાબમાં નથી. અરે, એ અનંતી વેદના વચ્ચે અસંખ્ય વર્ષો જીવે કેમ કાઢ્યા હશે! એ અસંખ્ય વર્ષની અનંતી વેદના વચ્ચે પણ જીવ જીવતો જ રહ્યો, જીવ મરી ન ગયો, અને એ વેદના વચ્ચે પણ અંતરમાં ઊતરીને અસંખ્ય જીવો સમ્યગ્દર્શન પામી ગયા. જરાક વિચાર તો કર, ભાઈ! સન્તો તને દુઃખથી ઉગારવા માટે કરુણાપૂર્વક ઉપદેશ આપે છે.

તને દુઃખ નથી ગમતું ને!–તો તેના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવોને છોડ. તે મિથ્યાત્વાદિ ભાવ કેમ છૂટે છે એ વાત ત્રીજા અધ્યાયમાં બતાવશે. અહીં નરકના દુઃખમાં છેદન–ભેદન વગેરે પ્રતિકૂળસંયોગની વાત કરીને પાપનું ફળ સમજાવવું છે; આવાં પાપો મિથ્યાદૃષ્ટિ જીવ જ બાંધે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને નરકને યોગ્ય પાપ કદી બંધાતા નથી. હે જીવ! તું સમ્યક્ત્વાદિ ભાવો પ્રગટ કર તો જ આવા દુઃખોથી તારો છૂટકારો થશે. તારી ભૂલને લીધે તારા ઉપર જે વીતક વીત્યાં તેની વાત તને ભગવાન યાદ કરાવે છે, માટે હવે તેનાથી છૂટવાનો ઉપાય કર...ને ધ્યાન દઈને તારા હિત માટે આ વીતરાગી વિજ્ઞાનનો ઉપદેશ સાંભળ.

નરકમાં જીવો તીવ્ર અસાતાનું દુઃખ ભોગવે છે; પરંતુ તીર્થંકર ભગવાનના કલ્યાણક પ્રસંગે તે નારકી જીવોને પણ બે ઘડી સાતા થઈ જાય છે; ત્યારે વિચાર કરતાં તેને ખબર પડે છે કે અહા, મધ્યલોકમાં કોઈ દેવાધિદેવ તીર્થંકરનો અવતાર થયો, તેના પ્રતાપે અમને અહીં નરકમાં પણ સાતા થઈ. આવા વિચારથી તીર્થંકરનો મહિમા આવતાં અંદર ઊતરીને કોઈ કોઈ જીવો સમ્યગ્દર્શન પણ પ્રગટ કરે છે. દરેક નરકમાં અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ જીવો છે; તેના

> **લોકવિકાશી લક્ષણવન્ત, પરમદેવ પરબ્રહ્મ અનન્ત;**
> **દુરારાધ્ય દુર્ગસ્થ દયાલ, દુરારોહ દુર્ગમ દ્રિગપાલ. ૧૫**

કરતાં અસંખ્યગુણા મિથ્યાદ્રષ્ટિ જીવો છે.

વીતરાગી દેવ–ગુરુ–ધર્મની નિંદા કરનારા, અનાદર કરનારા, તથા તીવ્ર હિંસાદિ પાપ કરનારા જીવો પાપનું ફળ ભોગવવા નરકમાં જઈને ઊંધે માથે પડે છે. અરે, ત્યાંના દુઃખની શી વાત! ત્યાંની ભૂમિ દુઃખદાયક, ત્યાંની નદી દુઃખદાયક, ત્યાંની ઋતુ ઠંડી–ગરમી દુઃખદાયક, જીવો પણ એકબીજાને દુઃખ દેનારા.—આમ બહારમાં ચારેકોર પ્રતિકૂળતાનો ઘેરો છે; ને અંદર જીવ પોતાના તીવ્ર સંક્લેશ ભાવથી દુઃખી છે.

નરકમાં ગરમી તો અસહ્ય, ને ઠંડી પણ એવી કે લોહપિંડને ગાળી નાંખે,—જેમ હિમની સખત ઠંડી વડે ઝાડપાન પણ બળી જાય છે તેમ. આ વાતનું દ્રષ્ટાંત આપીને કુમુદચંદ્રસ્વામી 'કલ્યાણમંદિર'સ્તોત્રમાં કહે છે કે—

જો વિભુ હે! પ્રથમથી જ તેં ક્રોધ કીધો નિરસ્ત,
તો કીધાં તેં કઈ જ રીતથી કર્મચોરો વિનષ્ટ?
લીલાંવૃક્ષોયુત વનગણોને અહો, લોકમાંહી,
ના બાળે શું! શિશિર પણ રે હીમરાશિય આંહી!

પ્રભો! ક્રોધને તો આપે પહેલાં જ નષ્ટ કરી નાંખ્યો હતો; તો પછી ક્રોધાગ્નિ વગર આપે કર્મચોરોને કઈ રીતે ભસ્મ કર્યા? કોઈનો નાશ કરવો હોય તો સામાન્ય મનુષ્યો તેના ઉપર ક્રોધ કરે છે, કોઈને બાળી નાંખવા માટે અગ્નિની જરૂર પડે છે, પરંતુ પ્રભો! આપે તો ક્રોધ વગર જ કર્મોનો નાશ કરી નાખ્યો; ક્રોધાગ્નિ વગર જ કર્મોને બાળી નાંખ્યા! એ આશ્ચર્ય છે.

ત્યારે કહે છે કે, ભગવાને તો શાંત પરિણામ વડે કર્મોને બાળી નાંખ્યા. જેમ હિમરાશી ઠંડો હોવા છતાં પણ લીલાં વૃક્ષોનાં વનને બાળી નાંખે છે તેમ ક્રોધ વગરના વીતરાગી શાંત પરિણામ વડે ભગવાને કર્મોને બાળી નાંખ્યા.

જુઓ, આ રીતે ભગવાનની સ્તુતિ કરી, અને વીતરાગભાવ વડે જ કર્મોનો નાશ થાય છે–એમ પણ બતાવ્યું; તથા કુદેવો શત્રુ ઉપર ક્રોધ કરીને ત્રીજા લોચનવડે તેને ભસ્મ કરે છે–એવી વાત વીતરાગમાર્ગમાં સંભવતી નથી–એમ પણ એમાં આવી ગયું. વીતરાગી સંતોની સ્તુતિમાં પણ ગંભીર ભાવો ભર્યા હોય છે. અહીં તો એમ કહેવું છે કે, ભગવાને ઉત્કૃષ્ટ શાંત પરિણામ વડે કર્મોને બાળી નાંખ્યા, તેમ નરકમાં એવી ઉત્કૃષ્ટ શીતળતા છે કે તેની ઠંડીથી મેરુ જેવડો લોઢાનો ગોળો પણ ઓગળી જાય છે. 'ત્રિલોકપ્રજ્ઞપ્તિ'ના બીજા અધ્યાયમાં એ વાત કરી છે. આવી તીવ્ર ઠંડી–ગરમીનાં દુઃખ, છેદન–ભેદનનાં દુઃખ અનંતવાર જીવે ભોગવ્યા. તે ઉપરાંત બીજા કેવા કેવા દુઃખ નરકમાં ભોગવ્યા–તે કહે છે. (ક્રમશઃ) ❊

सत्यारथ सुखदायक सूर, शीलशिरोमणि करुणापूर;
ज्ञानगर्भ चिद्रूप निधान, नित्यानन्द निगम निरजान. १६



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

શાસ્ત્રમાં અનેક પ્રકારે દરેક ગુણનું વર્ણન આવે છે :—

(૧) અભેદ અપેક્ષાએ દરેક ગુણ બધા ગુણોમાં વ્યાપેલાં છે માટે દરેક ગુણ બ્રાહ્મણ છે.

(૨) દરેક ગુણ પોતાનું રક્ષણ કરે છે, માટે દરેક ગુણ ક્ષત્રિય છે.

(૩) દરેક ગુણ પોતાના વેપારની રીત મૂકતો નથી, માટે દરેક ગુણ વૈશ્ય છે.

(૪) દરેક ગુણ સ્વસહાયપણે નિજગુણની સેવા કરે છે, માટે દરેક ગુણ શૂદ્ર છે.

(૫) વળી દરેક ગુણ પોતાના ગુણ છોડતો નથી ને સ્વગૃહમાં રહે છે માટે દરેક ગુણ ગૃહસ્થ છે.

(૬) વળી જ્ઞાન જ્ઞાનનું રૂપ છોડે નહિ. દર્શન દર્શનનું રૂપ છોડે નહિ. ચારિત્ર ચારિત્રનું રૂપ છોડે નહિ. દરેક ગુણ પોતાના રૂપમાં સ્થિત છે. માટે તેને વાનપ્રસ્થ કહે છે.

આવા અનંતા ગુણોનો ભંડાર આત્મા છે. એવા ભાવવાળાની દૃષ્ટિ શુદ્ધ સ્વભાવ ઉપર છે. તેથી તેનો વિકલ્પ તૂટી જવાનો ને મોક્ષ થવાનો છે. વિકલ્પનો દૃષ્ટિમાં નિષેધ છે ને સ્વભાવના આશ્રયે અશુભનો નિષેધ થયો છે ને જરા શુભ રહ્યો છે તે તૂટીને વીતરાગ થશે માટે તેના શુભને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે.

સમ્યગ્દર્શન વિનાનો શુભોપયોગ સંસાર સુખ આપે, લાખો રૂપિયા આપે, બૈરાં-છોકરાંનો સંયોગ આપે પણ તે આત્માના અમૃતને લૂટે છે. મિથ્યાદૃષ્ટિ જીવ સાધુ થાય ને શુભ પરિણામ કરે તો સંસારનું સુખ આપે પણ તેને ધર્મ થાય નહિ. અજ્ઞાની શુભરાગની ક્રિયાથી ધર્મ માને છે. તેવા જીવને આત્માનો લાભ જરાપણ ન થાય, બહુ તો ભવનપતિ કે વ્યંતર દેવ થાય. આત્માના ભાન વિના ગુણગુણી ભેદના વિચાર કર્યા, કાંઈક શુભ કરીએ તો ધર્મ પમાય તેમ માન્યું, પણ મારું સ્વરૂપ ચિદાનંદ જ્યોત છે એવું ભાન ન કર્યું, તે જીવ બાર-બાર માસના ઉપવાસ કરે સાચા સંતોને આહાર આપે તો

અકથ અકરતા અજર અજીત; અવપુ અનાકુલ વિષયાતીત;
મંગલકારી મંગલમૂલ, વિદ્યાસાગર વિગતદુકૂલ. ૧૭

પુણ્ય બાંધે પણ ધર્મ પામે નહિ. અક્રિય આત્માના ભાન વિના જીવને ક્રિયારૂપ શુભભાવ, ભક્તિના શુભભાવ ને ગુણ-ગુણીના શુભભાવથી કદાચ રાજ્યપદ મળે ને મોટો તાલુકદાર થાય પણ ધર્મનું ભાન નહિ હોવાથી હળવે હળવે નીચે જાય. વીતરાગે કહેલો શુભ પરિણામ કરે તો કદાચિત્ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત મળી જાય, તેનું શ્રવણ પણ મળે પણ સમ્યગ્દર્શન તો આત્માનો આશ્રય કરે તો જ પામે. સમવશરણમાં જીવ અનંતવાર જઈ આવ્યો, તે પૂર્વના શુભભાવને લીધે છે. સ્વભાવની પ્રાપ્તિ તો આત્માના આશ્રયથી જ થાય છે. ભગવાન મળ્યા માટે ધર્મ થાય છે એમ નથી, કારણ વિના કાર્ય થાય નહિ એ નિયમ છે. જ્યારે જીવ સમ્યગ્દર્શન પામે ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે હોય છે. કુદેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે ધર્મ પામે એમ બને નહિ. સાચા દેવાદિના નિમિત્તકારણ વિના સમ્યગ્દર્શનરૂપ કાર્ય થાય નહિ. એમ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. આ પ્રમાણે શુભોપયોગ સાધક છે ને પરંપરા મોક્ષ સાધ્ય છે. સમ્યગ્દૃષ્ટિ શુભભાવનો નાશ કરીને મોક્ષે જાય છે, માટે સાધક કહ્યો છે. મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયકે ગયેલો ત્યારે પૂર્વે બ્રહ્મચર્ય આદિના પરિણામ કરેલ પણ ચિદાનંદ આત્માના ભાન વિનાના શુભભાવને નિરર્થક ગણેલ છે. માટે મિથ્યાદૃષ્ટિનો શુભોપયોગ સાધક નથી. સમ્યગ્દૃષ્ટિના શુભ ઉપયોગને મોક્ષનો પરંપરા સાધક કહેલ છે.

(૮) જ્યાં અંતરાત્મા જીવદ્રવ્ય સાધક છે, ત્યાં અભેદ જીવ પરમાત્મરૂપ સાધ્ય છે. સાધક જીવ ભેદજ્ઞાન દ્વારા આત્માને રાગથી જુદો જાણે ને સિદ્ધ સમાન પ્રતીતિગોચર કરે, પરથી જુદો પાડી સ્વભાવસન્મુખ રહે ત્યારે પોતે સાધક છે ને પોતે જ આત્મા અભેદ પરમાત્મા સાધ્ય છે. રાગથી ને પુણ્યથી જુદા પાડવાનું જ્ઞાન કરવું તે સાધક છે ને પૂર્ણદશા પરમાત્મા રૂપે અભેદ થવું તે સાધ્ય છે. ભેદજ્ઞાન સાધક છે ને અભેદ પરમાત્મા સાધ્ય છે.

(૯) જ્યારે આત્માના અંશે રમણતા થાય છે ત્યારે અભેદ જ્ઞાનમૂર્તિ આત્મા મોક્ષસ્વરૂપને સાધે. જ્ઞાન અને આનંદ દશા મારામાં ભરેલી છે—એવો શુભોપયોગ સાધક ને જ્ઞાનની એકતા થવી તે સાધ્ય છે. જ્ઞાનની પૂર્ણતારૂપી મોક્ષ સાધ્ય છે. પરથી ભેદ પડીને સ્વભાવ અંશે પ્રગટ્યો, તે અંશ પરિણમતો પરિણમતો પૂર્ણદશારૂપે થાય તે સાધ્ય છે. અંતરાત્માનું ફળ પરમાત્મા છે. મોક્ષમાર્ગનું ફળ અભેદ જ્ઞાનરૂપ થવું તે છે. તેનું ફળ રાજ્યપદ નથી, તેનું ફળ પૈસા કે દેવલોક નથી. અંતરાત્માનું ફળ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત મળવું તે નથી. અંતરાત્માનું ફળ તો પરમાત્મા છે. પરથી ભેદજ્ઞાનની દૃષ્ટિ થઈ તે સાધન

નિત્યાનન્દ　વિમલ　નિરુજાન,　ધર્મધુરંધર　ધર્મવિધાન;
ધ્યાની　ધામવાન　ધનવાન,　શીલનિકેતન　બોધનિધાન. ૧૮

છે ને એકરૂપ જ્ઞાન થઈ કેવળજ્ઞાન પ્રગટી આત્મા સાથે અભેદ થવું તે સાધ્ય છે.

(૧૦) ચોથે, પાંચમે ને છઠ્ઠે ગુણસ્થાને જઘન્ય જ્ઞાન છે. તે જઘન્ય જ્ઞાનથી ઉત્કૃષ્ટ જ્ઞાન પમાય છે. રાગ, વિકલ્પ કે પુણ્યથી ઉત્કૃષ્ટ જ્ઞાન થતું નથી. એ વાત સિદ્ધ કરે છે. થોડું જ્ઞાન એટલે ક્યું જ્ઞાન? શાસ્ત્રનું જ્ઞાન નહિ. પણ રાગ અને મનના અવલંબન વિનાનું, આત્માના આશ્રયે પ્રગટતું જે જઘન્ય જ્ઞાન તેનાથી કેવળજ્ઞાન થાય છે. ખૂબ ભક્તિ કરે ને કરોડ વરસ સુધી પાંચ મહાવ્રત પાળે તોપણ તેવા પરિણામથી જઘન્ય જ્ઞાન ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ થતું નથી એમ બતાવવું છે.

આ સાધક-સાધ્યના બોલ ચાલે છે.

(૧૧) પૂર્વની પર્યાયને સાધક ગણીને પછીની પર્યાયને સાધ્ય ગણેલ છે. આત્મા જ્ઞાનસ્વરૂપી, દ્રષ્ટા ને આનંદસ્વરૂપ છે—એમ નિર્ણય કરે ત્યાં નિશ્ચય વધે છે. શરીર, મન, વાણી કે પુણ્ય-પાપ હું નથી. હું તો જ્ઞાનસ્વભાવી છું, દ્રષ્ટા છું, વીર્ય ને શાંતિ હું છું. એમ નિર્ણય કરે કે મારામાં અનંતા ગુણો ભરેલા છે. તો નિશ્ચય વધે. જેમ થોડું અફીણ પીધું હોય તે તેનો અમલ લેવા માટે કેફ ચડાવે છે. એમ મારો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે એમ નિર્ણય કરે ને તેની ખુમારી વધારે તો પોતામાં દ્રઢતા વધે એનું નામ ધર્મ છે.

આત્મા અનંતા ગુણોનું ધામ છે એવી ખુમારી વધારે તો વીતરાગી દશા થાય. તે અંતરદશા સાધ્ય છે, જેને આત્માની ખબર નથી તેની વાત નથી. અહીં કહે છે કે આત્મા અનંતા ગુણોનું ધામ છે. પરમાત્મા આત્મામાંથી થયા છે એવો ભરોસો થોડો કરે તો ખુમારી વધે ને જ્ઞાનાદિ વધે. કોઈ રાગ કે સંયોગથી વધે એમ કહ્યું નથી. સ્વભાવમાં ખુમારી ચડાવતાં આગળ વધાય છે. બાકી તો નિમિત્ત ને રાગ વગેરે તેના કારણે આવે છે. તે ધર્મનું કારણ નથી. આટલાં શાસ્ત્ર વાંચીએ કે વ્રત કરીએ તો ધર્મ થાય—એમ તેને સાધન કહ્યું નથી. આત્માનો ભરોસો કરી તેની ભાવનાની ખુમારી ચડાવે તો અંતરમાં રહેલી શક્તિ પ્રગટ થાય ને વીતરાગી પરિણતિ વધી જાય. એ સિવાય બીજું સાધન નથી. પરિણતિ દ્રવ્યના આશ્રયે વધે છે તે તો બરાબર છે, પણ અહીં પર્યાયથી વાત લેવી છે. માટે અલ્પજ્ઞાન સાધન છે ને જ્ઞાનાદિની ઘણી નિશ્ચયપરિણતિ સાધ્ય છે.

(ક્રમશઃ)

લોકનાથ લીલાધર સિદ્ધ, કૃતી કૃતારથ મહાસમૃદ્ધ;
તપસાગર તપપુંજ અછેદ, ભવભયભંજન અમૃત અભેદ. ૧૯

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### મંગલાચરણ અને પ્રતિજ્ઞાવાક્ય

णमिऊण सव्वसिद्धे झाणुत्तमखविददीहसंसारे ।
दस दस दो दो य जिणे दस दो णिपेहणे वोच्छे ।।१।।

જેણે ઉત્તમધ્યાનથી દીર્ઘ સંસારનો નાશ કર્યો છે એવા સર્વ સિદ્ધો તથા ચોવીશ તીર્થંકરોને નમસ્કાર કરી દ્વાદશ (બાર) અનુપ્રેક્ષાઓ કહીશ. ૧.

### બાર અનુપ્રેક્ષાઓનાં નામ

अद्‌ध्रुवमसरणमेगत्तमण्णसंसारलोगमसुचित्तं ।
आसवसंवरणिज्जर धम्मं वोहिं च चिंतेज्जो ।।१।।

અધ્રુવ, અશરણ, એકત્વ, અન્યત્વ, સંસાર, લોક, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, ધર્મ અને બોધિ (દુર્લભ)–આ દ્વાદશ અનુપ્રેક્ષાઓનું ચિંતન કરવું જોઈએ. ૨.

### (૧) અધ્રુવ અનુપ્રેક્ષા

वरभवणजाणवाहणसयणासण देवमणुवरायाणं ।
मादुपिदुसजणमिच्चसम्बन्धिणो य पिदिवियाणिच्चा ।।३।।

ઉત્તમ ભવન, યાન, વાહન, શયન, આસન, દેવ, મનુષ્ય, રાજા, માતા, કુટુમ્બી અને સેવક આદિ બધાં અનિત્ય તથા પૃથક્ થઈ જાય છે. ૩.

सामग्गिंदियरूवं आरोग्गं जोव्वणं बलं तेजं ।
सोहग्गं लावण्णं सुरधणुमिव सस्सयं ण हवे ।।४।।

બધા પ્રકારની સામગ્રી–પરિગ્રહ, ઇન્દ્રિયો, રૂપ, નીરોગતા, યૌવન, બળ, તેજ સૌભાગ્ય અને સૌન્દર્ય એ બધાં—ઇન્દ્રધનુષની જેમ—શાશ્વત રહેનાર નથી અર્થાત્ બધાં નાશવાન છે. ૪.

जलबुब्बुदसक्कधणुखणरुचिघणसोहमिव थिरं ण हवे ।
अहमिंदट्ठाणाइं बलदेवप्पहुदिपज्जाया ।।५।।

અહમિન્દ્રનાં પદ અને બલદેવ આદિની પર્યાયો—પાણીના પરપોટા, ઇન્દ્રધનુષ, વીજળી અને મેઘની શોભા જેવી—સ્થિર રહેનારી નથી. ૫.

जीवणिबद्धं देहं खीरोदयमिव विणस्सदे सिग्धं ।
भोगोपभोगकारणदव्वे णिच्चं कहं होदि ।।६।।

(ક્રમશઃ) ❋

# અત્યંત મધુર ચૈતન્યરસ

એક મોટો રાજા કોઈ મહાત્માના પગ ધોતાં ધોતાં વિચારતો હતો કે અહા ! મારા જેવો રાજા પગ ધુએ–તેથી આ મહાત્મા કેવા ખુશી થતા હશે ? ત્યારે મહાત્મા કહે છે કે અરે રાજા ! આ પગ ધોવાય એમાં તે શો આનંદ હતો ? અમે જ્યારે શાસ્ત્રચર્ચાના ગૂઢ રહસ્યો ઉકેલવા મથતા હોઈએ, ને તેના રહસ્યનો ઉકેલ મળી જાય–તે વખતે અમને જે આનંદ થાય, તેની પાસે આ પગ ધોવાની શી ગણતરી છે?

તેમ ધર્માત્મા-મુનિઓ વગેરેની ઈન્દ્રો-રાજાઓ પ્રશંસા કરે, સેવા આપે, માન આપે, ત્યાં બાહ્યદૃષ્ટિ જીવોને લાગે કે આનાથી તેમને કેવો આનંદ થતો હશે ? ત્યારે જ્ઞાની ધર્માત્મા કહે છે કે અરે ભાઈ ! રાગથી જુદા પડીને અમારો ઉપયોગ જ્યારે અંતરમાં જોડાય, તે વખતે નિર્વિકલ્પદશામાં આત્માના જે આનંદનું અમને વેદન થાય છે તેની પાસે જગત તો તરણાં જેવું લાગે છે. એની પાસે આ બહારનાં માન-પ્રશંસાની શી ગણતરી છે ?

ચૈતન્યના અતીન્દ્રિય રસ પાસે ધર્મીજીવને જગતના કોઈ પણ બાહ્યવિષયો રસવાળા લાગતા નથી, તેમાં ક્યાંય મીઠાશ લાગતી નથી. એક પોતાનો અત્યંત મધુર ચૈતન્યરસ જ તેમને પ્રિય લાગે છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—મોક્ષની પર્યાય કરે ત્યારે થાય કે થવાની હોય ત્યારે થાય?**

ઉત્તર :—જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એ દ્રવ્યમાં ભાવ નામનો ગુણ છે એ ગુણના કારણે નિર્મળ પર્યાય થાય જ છે, તેને કરું તો થાય એમ નથી. દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એને નિર્મળતા થાય જ છે.

**પ્રશ્ન :—આપે કહ્યું કે અકસ્માત કાંઈ જ થતું નથી તેથી જ્ઞાની નિઃશંક ને નિર્ભય છે. પણ છાપામાં તો અકસ્માતના બનાવો ઘણા આવે છે?**

ઉત્તર :—જગતમાં અકસ્માત કાંઈ થતું જ નથી. જે દ્રવ્યની પર્યાય જે કાળે થવાની હોય તે જ થાય છે. દેહ છૂટવાનો જે કાળ જે ક્ષેત્ર અને જે નિમિત્તથી છૂટવાનો હોય તે રીતે જ છૂટે છે. આડું–અવળું કે અકસ્માતથી કોઈ પદાર્થનું પરિણમન થતું જ નથી. વ્યવસ્થિત જ થાય છે.

**પ્રશ્ન :—ધર્મનું મૂળ સર્વજ્ઞ છે તે સર્વજ્ઞને ક્યારે માન્યા કહેવાય?**

ઉત્તર :—ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. તે સર્વજ્ઞને ક્યારે માન્યા કહેવાય કે સર્વજ્ઞ દરેક દ્રવ્યની ત્રણ કાળની પર્યાયને જાણે છે તે પર્યાય જે સમયે થવાની તે ક્રમબદ્ધ થવાની જ એમ માને ત્યારે સર્વજ્ઞને માન્યા કહેવાય.

**પ્રશ્ન :—ક્રમબદ્ધનું વાસ્તવિક રહસ્ય ન સમજવાવાળા અજ્ઞાની ક્રમબદ્ધનું ગીત ગાતી વખતે શું ભૂલ કરે છે?**

ઉત્તર :—એક કહે કે ક્રમબદ્ધ પર્યાય હોય તો તો નિયત થઈ જાય છે, બીજો કહે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો. તે બન્ને ભૂલ્યા છે, મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વને ઊલટું પુષ્ટ કરીને નિગોદનો માર્ગ બન્નેએ લીધો છે. જેને ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે, તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખરૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને મેળવે છે–મીંઢવે

**ગુણાવાસ ગુણમય ગુણદામ, સ્વપરપ્રકાશક રમતારામ;**
**નવલ પુરાતન અજિત વિશાલ, ગુણનિવાસ ગુણગ્રહ ગુણપાલ. ૨૦**

છે કે અરે! આ રાગ દુઃખરૂપ છે—એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે, મિથ્યાત્વને તીવ્ર કર્યો છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટિ કરે.

**પ્રશ્ન :—જીવ અજીવના કાર્યો ન કરી શકે પણ પોતાના પરિણામ તો ગમે તેમ કરી શકે ને?**

ઉત્તર :—જીવ પોતાના પરિણામ પણ ગમે તેમ ન કરી શકે પણ જે પરિણામ ક્રમસર જે થવાના છે તે જ થાય છે, આડા અવળા ગમે તેમ કરી શકે નહિ. જીવ તો એકલો જ્ઞાયકભાવ માત્ર છે, જાણનાર જાણનાર જ છે.

**પ્રશ્ન :—ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કેમ થાય? તેના દ્વારા શું સિદ્ધ કરવું છે? તેનું તાત્પર્ય શું છે?**

ઉત્તર :—ક્રમબદ્ધ પર્યાયના સિદ્ધાંતથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. જૈનદર્શન અકર્તાવાદ છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી જ, રાગનો પણ કર્તા નહિ અને પર્યાયનો પણ કર્તા નહિ. પર્યાય પર્યાયના જન્મક્ષણે ષટ્કારકથી સ્વતંત્ર જે થવાની તે જ થાય છે, પણ એ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકધાતુ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે જાણનાર જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધ પર્યાયને જાણે છે. ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખના અનંતા પુરુષાર્થપૂર્વક થાય છે. ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા વીતરાગ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે પર્યાયમાં પ્રગટે છે. સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે ને! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા! મોક્ષને જ્ઞાન જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતામાં થતા ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે!

**લઘુરૂપી લાલચહરન, લોભવિદારન વીર,**
**ધારાવાહી ધૌતમલ, ધેય ધરાધર ધીર. ૨૧**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન*** **:—**જ્ઞાયકદેવ પ્રત્યે અર્પણતા કેવી રીતે આવે?

**સમાધાન :—**દ્રવ્યને બરાબર ઓળખે કે હું ચૈતન્ય શાશ્વત અનાદિ અનંત જ્ઞાયક છું. આમ જ્ઞાયકનું સ્વરૂપ ઓળખીને જ્ઞાયકની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય છે.

જિનેંદ્રદેવ જગતમાં સર્વોત્કૃષ્ટ છે, ગુરુ આત્માની સાધના કરી રહ્યા છે તથા વાણી વરસાવે છે અને શાસ્ત્ર માર્ગ બતાવે છે. આવું જાણીને તેની જેમ મહિમા આવે છે તેમ આત્માની મહિમા આવે તો તેમાં પણ અર્પણ થઈ જવાય છે.

જ્ઞાયક કેવો છે! તે અનંતગુણથી ભરપૂર કોઈ અનુપમ આશ્ચર્યકારી તત્ત્વ છે. તે અનાદિ—અનંત છે. ગમે તેટલા ભવો કર્યા તો પણ જ્ઞાયક આત્માની અંદર એક અંશ પણ વિભાવ પેઠો નથી કે મલિનતા થઈ નથી. આવો શાશ્વત જ્ઞાયક આત્મા કોઈ અદ્‌ભુત આશ્ચર્યકારી છે. તેનો કોઈ નાશ કરી શકતું નથી કે તેને કોઈ ઉત્પન્ન કરી શકતું નથી. સ્વાનુભૂતિમાં પકડાય તેવો આત્મા જ્ઞાનથી—તેના લક્ષણ દ્વારા ઓળખી શકાય છે. આ રીતે આત્મા જ જગતમાં સર્વોત્કૃષ્ટ છે એમ તેની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય છે. તેને એમ જ થાય કે મારે હવે જ્ઞાયકદેવ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. આ જગતમાં બીજું જે કાંઈ છે તે સારભૂત નથી, તુચ્છ છે.

હું મારા જ્ઞાયકદેવને ઓળખું, તેને નીરખ્યા કરું, તેની મહિમા કરું, તેનું પૂજન કરું— આમ જ્ઞાયકદેવની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય છે.

જ્ઞાયકદેવની મહિમા આવ્યા વગર મુક્તિનો માર્ગ પ્રગટ થતો નથી. તેને ઓળખીને, શ્રદ્ધા કરીને તેની લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. આ માટે બીજેથી રાગ તૂટીને વિરક્તિ આવે તો જ અંતરમાં આવી શકે છે.

પૂજ્ય ગુરુદેવની વાણીમાં આવે છે ને કે ‘તું પરમાત્મા છો; તું પરમાત્મા છો એમ નક્કી કર’ ગુરુદેવે જે કહ્યું છે તે જ કરવાનું છે. જ્ઞાયકદેવની મહિમા કરી તેને દ્વારે ટહેલ મારવી.

***પ્રશ્ન*** **:—**જ્ઞાયકદેવની કેવી ભક્તિ આવે તો જ્ઞાયકદેવ પ્રગટ થાય?

**સમાધાન :—**જ્ઞાયકનું જ્ઞાન અને મહિમાપૂર્વક જ્ઞાયક...જ્ઞાયક...મને જ્ઞાયક જ

જોઈએ છે, મારે જ્ઞાયક સિવાય બીજું કાંઈ જોઈતું નથી. જ્ઞાયકની એવી ભક્તિ અંદરથી આવવી જોઈએ.

જાગતાં જ્ઞાયક, સૂતાં જ્ઞાયક, ખાતાં-પીતાં, ઊઠતા-બેસતાં મારે જ્ઞાયક જ જોઈએ છે. મારે જ્ઞાયકદેવની મહિમા, ભક્તિ-સ્તુતિ કરવી છે, જ્ઞાયકને દેખવો છે, જ્ઞાયકનાં દર્શન કરવાં છે. હું જ્ઞાયકને જ જોયા કરું, જ્ઞાયકના ગુણ-ગ્રામ ગાઉં, જ્ઞાયકની પૂજા કરું એવી ભક્તિ હોય તો જ્ઞાયકદેવ પ્રગટ થયા વિના રહે નહિ.

જેમ જિનેંદ્રદેવ અને ગુરુને ઓળખીને નક્કી કરે કે આ દેવ છે ને આ સાચા ગુરુ છે પછી ભગવાનના દ્વારે જાય તો તેને એમ થાય કે મારે ભગવાનના દર્શન કરવાં છે, સ્તુતિ-પૂજા કરવી છે, એવી રીતે ગુરુનાં દર્શન કરું, ગુરુને જોયા જ કરું, ગુરુદેવની વાણી સાંભળ્યા કરું. પરીક્ષા કરીને નક્કી કર્યું હોય તો પછી સ્તવન—ગુણગ્રામ કરે ને દેવ-ગુરુ શું કહે છે તેનો આશય સમજવા પ્રયત્ન કરે. તેમ પ્રથમ આ જ્ઞાયક જ છે એમ લક્ષણથી ઓળખીને નક્કી કરે અને પછી તેની ભક્તિ-સ્તુતિ કરે તો જ્ઞાયકની ભક્તિ સાચી કહેવાય. (આ રીતે) જ્ઞાયકની પાછળ પડે તો પ્રગટ થયા વગર રહે જ નહિ. સાચો ભક્તિમાર્ગ આ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ સાથે જ જ્ઞાયકની ભક્તિ આવવી જોઈએ. દેવ-ગુરુની સાચી ભક્તિ કોને કહેવાય? કે તેમાં જ્ઞાયકની ભક્તિ ભેગી આવે. એકલી બાહ્ય ભક્તિ તે સાચી ભક્તિ નથી. જ્ઞાનપૂર્વક ભક્તિ હોવી જોઈએ.

***પ્રશ્ન*** :—જ્ઞાનીને શુભ રાગ આવે છે તેમાં ખટક લાગે છે તો શુભ રાગમાં તે જોડાય છે કે નથી જોડાતો?

**સમાધાન** :—જ્ઞાની શુભરાગમાં જોડાય છે, ત્યારે પણ ભેદજ્ઞાન વર્તે છે. પોતાના પુરુષાર્થની નબળાઈને લઈને રાગમાં જોડાઈ જવાય છે, અર્થાત્ અંદર લીન નથી થવાતું એટલે શુભરાગમાં જોડાય છે. પણ તે શુભરાગ આવે છે તેની સાથે સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે, તેથી જ્ઞાયક જુદો રહે છે. જ્ઞાની શુભરાગમાં એવો તન્મય નથી થતો કે જ્ઞાયકને ભૂલી જાય. જ્ઞાયકપણે જુદો રહીને શુભરાગ આવે છે. આ શુભરાગ આવે છે, પણ હું તો જુદો જ છું. તે વિભાવ તરફનો ભાગ છે અને મારા જ્ઞાયકનો ભાગ—મારા સ્વઘરનો ભાગ—તેનાથી જુદો છે. આ શુભરાગ વિભાવનું ઘર છે, તે મારાથી જુદું છે—એમ જ્ઞાનીને બરાબર જ્ઞાન છે માટે રાગથી જુદો રહે છે, એકત્વ થતો નથી ને આકુળ-વ્યાકુળ પણ થતો નથી. તેને બીજાં કરતાં ઉત્સાહ ઘણો દેખાય, પણ અંતરમાં જુદો જ રહે છે. તેમાં એવો એકત્વ અને તન્મય થતો નથી કે પોતાને ભૂલી જાય. જુદો રહે છે, છતાં હું જુદો-હું જુદો એમ ઘડીએ ઘડીએ વિકલ્પ નથી કરતો, પણ તેની ધારા જ જુદી વર્તે છે.

## બાળ વિભાગ

# જુઓ, પરિણામોની વિચિત્રતા

### (બે વૈરાગી રાજકુમારોની કથા)

દેશભૂષણ-કુલભૂષણ વિદ્યાભ્યાસ પછી ઘરે પાછા આવે છે ત્યારે પિતા દ્વારા નગરીને સજાવીને સ્વાગત કરાયું. રસ્તામાં મહેલના ઝરૂખામાં એક કન્યાને જોઈને બંને ભાઈ મોહિત થઈ જાય છે પરંતુ જ્યારે તે કન્યા પોતાની બહેન છે તેમ ખબર પડતા લજ્જિત થાય છે અને વૈરાગ્ય પામીને જિનદીક્ષા અંગીકાર કરી મોક્ષની સાધના કરવા લાગે છે હવે આગળ..

એકવાર જ્યારે બંને મુનિરાજ વંશધર પર્વતના શિખર ઉપર પ્રતિમાયોગ ધારણ કરીને ઉગ્ર ધ્યાનમાં લીન હતા, ત્યારે તેમનો પૂર્વભવના દ્વેષબુદ્ધિથી પ્રેરાઈને વેરી દુષ્ટ અગ્નિપ્રભદેવ આવીને તેમના ઉપર દૈવી માયાજાળ વડે ઘોર ઉપસર્ગ કરતો હતો. તે સમયે ચૌદ વર્ષના વનવાસના પ્રવાસમાં રામ-સીતા અને લક્ષ્મણ વંશધર પર્વતની નજીક વંશસ્થળ નામના નગરની પાસે થઈને જઈ રહ્યા હતા, ત્યારે અત્યંત ભયભીત નગરજનોને જોઈને શ્રીરામે તેનું કારણ પૂછવામાં આવતા, નગરજનોએ કહ્યું :



"અહીં રોજ રાત્રે કોઈ દુષ્ટ દેવ ભયંકર ઉપદ્રવ કરે છે, તેના અત્યંત કર્કશ અવાજથી અમે સૌ ભયભીત છીએ. ખબર નથી પડતી કે પર્વત ઉપર છેલ્લા ત્રણ દિવસથી રોજ રાત્રે શું થાય છે ? આ સાંભળી શ્રીરામ તે પર્વત ઉપર જવા તૈયાર થયા ત્યારે નગરજનોએ કહ્યું કે ત્યાં ઘણો ભય છે, તેને તમે સહન નહીં કરી શકો, તમે અજાણ્યા છો. માટે તમે ત્યાં ન જશો, તમે પણ અમારી સાથે સુરક્ષાના સ્થાને આવો."

એ સાંભળીને સીતા પણ ભયભીત થઈને કહેવા લાગી—"હે દેવ ! આપણે પણ ત્યાં નથી જવું ચાલો, આપણે પણ આ લોકોની સાથે નિર્ભય સ્થાનમાં જઈને રાત વીતાવીએ."

ત્યારે રામે હસીને કહ્યું કે "હે જાનકી ! તમે તો બહુ બીકણ છો. તમારે લોકોની સાથે જવું હોય તો જાઓ ! અમે તો અહીં આ પર્વત ઉપર જ રહેશું, ને આ બધું શું થાય છે તે જોઈશું. અમને કોઈનો ડર નથી."

ત્યારે સીતાએ કહ્યું : હે નાથ ! તમારી હઠ દુર્નિવાર છે ! તમે જશો તો હું પણ સાથે જ આવીશ. આપ અને લક્ષ્મણ જેવા વીર મારી સાથે છો, પછી મને કોનો ભય છે !—એમ કહીને તે પણ રામ-લક્ષ્મણની સાથે જ વંશધર પર્વત તરફ જવા લાગી.

લોકોએ તેમને ત્યાં ન જવા ઘણું સમજાવ્યા. પણ રામ-લક્ષ્મણ તો નિર્ભયપણે પર્વત ઉપર જવા લાગ્યા. સીતા પણ તેમની સાથે ચાલી. સીતા ભયને કારણે મારી ક્યાંક પર્વત ઉપરથી પડી ન જાય એમ વિચારી, રામ આગળ ને લક્ષ્મણ પાછળ, વચ્ચે સીતા—એમ બંને ભાઈઓ ખૂબ સાવધાનીથી સીતાને પહાડના શિખર ઉપર લઈ ગયા.



પહાડ ઉપર જઈને જોયું ત્યાં તો અદ્‌ભુત આશ્ચર્યકારી દૃશ્ય દેખ્યું : અહા ! અત્યંત સુકોમળ બે યુવાન મુનિભગવંતો ઊભા ઊભા દેહથી ભિન્ન આત્માનું ધ્યાન કરી રહ્યા છે. નદી જેવી ગંભીર એમની શાંત મુદ્રા છે. આવા વીતરાગ મુનિ ભગવંતોને દેખીને તેમને અત્યંત પ્રસન્નતા થઈ ને ભક્તિભાવથી સ્તુતિ કરવા લાગ્યા.... રામ-લક્ષ્મણ-સીતાએ એવી ભાવભીની સ્તુતિ કરી કે પર્વત ઉપરના પશુઓ પણ તે સાંભળીને મોહિત થયા. ને ત્યાં આવીને શાંતિથી બેસી ગયા. રામ-લક્ષ્મણ-સીતા ત્યાં જ રહ્યા.

રાત પડી ને અસુરદેવ ઉપસર્ગ કરવા આવી પહોંચ્યો. મોટા ભયાનક સર્પનું રૂપ લઈને જીભના લબકારા કરતો તે મુનિઓના શરીરને વીંટળાઈ વળ્યો. રામ-લક્ષ્મણ આ ઉપદ્રવને અસુરની માયા સમજીને તેના ઉપર એકદમ ગુસ્સે થયા. સીતા તો એનું ભયાનક રૂપ દેખીને ભયથી રામને વીંટળાઈ ગઈ.... રામે કહ્યું—હે દેવી ! તું ભય ન કર.

સીતાને ધીરજ આપીને બંને ભાઈઓએ મુનિઓના શરીર ઉપરથી સર્પને પકડીને દૂર કર્યો—બળદેવ-વાસુદેવના પુણ્યપ્રભાવ પાસે અસુરદેવની વિક્રિયાનું જોર ન ચાલ્યું. તેણે વિક્રિયા સંકેલી લીધી. એ રીતે ઉપસર્ગ દૂર થવાનું સમજી રામ-લક્ષ્મણ-સીતા આનંદ સહિત મુનિરાજની સ્તુતિ કરવા લાગ્યા :

'હે દેવ ! આપ તો સંસારથી ઉદાસ ને મોક્ષના સાધક છો... આપ મંગળ છો, આપનું શરણ લેતાં ભવ્ય જીવોના ભવનો ઉપદ્રવ દૂર થઈ જાય છે ને આનંદમય મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. અહો, આ આપ જિનમાર્ગના પ્રકાશક છો, ને સમ્યક્‌ત્વાદિ ત્રણ ઉત્તમ રત્નો વડે શોભી રહ્યા છો, આત્માની સાધનામાં આપ મેરુ જેવા નિશ્ચલ છો. તુચ્છ અસુરદેવ ત્રણ ત્રણ રાતથી ઘોર ઉપસર્ગ કરતો હોવા છતાં આપ આત્મસાધનાથી ડગતા નથી, કે ક્રોધનો વિકલ્પ પણ કરતા નથી. ધન્ય આપની વીતરાગતા ! આપની પાસે એક નહીં પણ અનેક લબ્ધિઓ છે, આપ ધારો તો અસુરદેવને ક્ષણમાં ભગાડી મૂકો.... પરંતુ 'બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ' એવા આપ તો ચૈતન્યના ધ્યાન વડે કેવળજ્ઞાન સાધવામાં જ તત્પર છો.''

આમ ખૂબ જ સ્તુતિ કરતા હતા....ત્યાં મધ્યરાત્રિના સમયે તે દુષ્ટદેવ પાછો આવ્યો અને મુનિઓ ઉપર પુનઃ ઉપસર્ગ કરવા લાગ્યો. ભયાનક રૂપ ધારણ કરીને રાક્ષસો અને ભૂતોના સમૂહ નાચવા લાગ્યા. વિચિત્ર અવાજ કરી-કરીને શરીરમાંથી અગ્નિની જ્વાળાઓ કાઢવા લાગ્યો.... હાથમાં તલવાર ભાલા લઈને નાચવા લાગ્યા. તેમના ઉત્પાદથી પર્વતની શિલા કાંપવા લાગી. જાણે કે ભૂકંપ આવી ગયો હોય !

જે સમયે બહારમાં આ બધું બની રહ્યું છે ત્યારે બંને મુનિઓ તો અંદર શુક્લધ્યાનમાં મગ્ન થઈને, આત્માના અપાર આનંદને અનુભવી રહ્યા છે, બહારમાં શું થઈ રહ્યું છે તેનું તેમને લક્ષ નથી. સીતા આ દૃશ્ય દેખીને ભયભીત થઈ ગઈ. ત્યારે રામે કહ્યું "દેવી તું ભય ન કર. તું આ મુનિઓના ચરણમાં બેસી રહે. ત્યાં અમે આ દુષ્ટ અસુરને ભગાડીને આવીએ છીએ.—એમ કહીને સીતાને મુનિના ચરણ—સમીપ રાખીને રામ-લક્ષ્મણે દુષ્ટ અસુરદેવને પડકાર કર્યો." રામે ધનુષનો એવો ટંકાર કર્યો કે જાણે વજ્રપાત થયો. લક્ષ્મણ પણ સિંહગર્જના કરીને અગ્નિપ્રભની પાછળ દોડ્યો. અગ્નિપ્રભ સમજી ગયો કે આ કોઈ સાધારણ માણસો નથી પણ મહાપ્રતાપી બળદેવ ને વાસુદેવ છે, તેમનો દિવ્ય પુણ્યપ્રભાવ દેખીને તે અગ્નિપ્રભદેવ ભાગી ગયો ને તેની બધી માયા સંકેલાઈ ગઈ, ઉપસર્ગ દૂર થયો.

ઉપસર્ગ દૂર થતાં જ, ધ્યાનમાં લીન દેશભૂષણ-કુલભૂષણ મુનિઓને કેવળજ્ઞાન થયું.... તે કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવવા કેટલાય દેવો આવ્યા. ચારેકોર મંગલનાદ થવા લાગ્યા. રાત્રિ પણ દિવ્ય પ્રકાશથી ઝગમગી ઊઠી. કેવળજ્ઞાનના પ્રતાપે ત્યાં રાત્રિ-દિવસનો ભેદ ન રહ્યો. જાણે રાત્રિની છાયા અસુરકુમારદેવની સાથે ચાલી ગઈ હોય !

(ક્રમશઃ) ❊

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ)　　　(સમયસાર પ્રવચન)

પડલથી પાર એવા પાણીનો નિર્ણય નાળીએર ખખડાવીને નક્કી કરે છે કે આમાં પાણી ભર્યું છે. તેમ આત્મા ચૈતન્યરૂપ શાંતજળથી ભરેલો છે, ચૈતન્યનો રસ જાગતાં અંદરથી શાંતિના તરંગ ઊછળે છે. આ જડ શરીર, કર્મ અને રાગાદિ ભાવો એ ત્રણે પડલ વીંધીને તેનાથી પાર એવા શાંતરસનો નિર્ણય જિજ્ઞાસુજીવ પોતાના વીર્યને ઉલ્લસાવીને કરી લ્યે છે, જ્ઞાનને અંતરમાં વાળીને તે એવો નિર્ણય કરી લ્યે છે કે મારા આત્મામાં જ અતીન્દ્રિય આનંદરસ ભરેલો છે. તે આનંદનો અનુભવ કરતાં આત્મા જાણે કે આખાય વિશ્વની ઉપર તરતો, હોય—એમ તે અનુભવે છે. આ રીતે અનુભવમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે, તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; અને તે જ 'સમયનો સાર' છે.　　　(ક્રમશઃ)

❊

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ૦

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન

## વૈરાગ્ય સમાચાર :–

* ઓરાણ નિવાસી (હાલ-મુંબઈ) તારાબેન મણિલાલ કોટાડિયા (ઉ.વ. ૮૭) તા. ૯-૧૦-૨૦૨૧ના દેહ પરિવર્તન કરેલ છે.
* વાશી મુંબઈ નિવાસી શ્રી નવનીતભાઈ સોની (ઉ.વ. ૬૩) તા. ૯-૧૦-૨૦૨૧ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સનાવદ નિવાસી (હાલ-સોનગઢ) નિર્મળાબેન કંવરચંદ જૈન (-તેઓ બ્ર. ચંદ્રાબેનના મોટાબેન) (ઉ.વ. ૯૩)નું તા. ૨૦-૧૦-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* બોટાદ નિવાસી (હાલ-અમેરિકા) શ્રી અનીલભાઈ ચંદુલાલ શાહ (તુરખીયા) (ઉ.વ. ૭૪) તા. ૨૧-૧૦-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢના મુમુક્ષુ (હાલ મલાડ) શ્રી કાંતિભાઈ ભગવાનદાસ દામાણી (ઉ.વ. ૮૩)નું તા. ૨૩-૧૦-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* ભાવનગર નિવાસી પ્રભાબેન પ્રવીણચંદ્ર શાહ (—તેઓ ટ્રસ્ટી શ્રી જિતુભાઈના ભાભી) (ઉ.વ. ૯૦) તા.૨૫-૧૦-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી (હાલ-કાંદીવલી-મુંબઈ) કુમુદબેન જ્યોતિન્દ્રભાઈ જૈન (ખંધાર) (-તેઓ બ્ર. જિનમતીબેનના ભાભી) (ઉ.વ. ૭૩) તા. ૨-૧૧-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* રસનાળ નિવાસી (હાલ-ઘાટકોપર) રસીલાબેન ચંદ્રકાંતભાઈ શેઠ (ઉ.વ. ૮૦) તા. ૮-૧૧-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* વઢવાણ નિવાસી (હાલ-પાર્લા) શ્રી મધુભાઈ ન્યાલચંદભાઈ શાહ (નાથા ભવનવાળા)ના ધર્મપત્ની શ્રીમતી ચંદ્રાબેન મધુભાઈ શાહ (-તેઓશ્રી શ્રીમતી રેખાબેન નેમિશભાઈ શાહના માતુશ્રી) (ઉ.વ. ૮૫)નું તા. ૧૧-૧૧-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ધાર્મિક કાર્યોમાં ઘણા રુચિવંત હતા. તેમણે પાર્લા જિનમંદિર પ્રતિષ્ઠામાં ભગવાનના માતા બનવાનો લાભ લીધો હતો.

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૪ ઉપર)

## (૧૦૦)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંથી જેના જવાબ સાચા હોય તેની આગળ ✓ નિશાની કરો અને જેના જવાબ ખોટા હોય તેની આગળ × નિશાની કરો.

(૧) સ્વર્ગના સુખ કરતા મોક્ષનું સુખ અનંતગણું હોય છે. .........

(૨) સિદ્ધશીલા ઉપર એકેન્દ્રિય તથા નિગોદના જીવો પણ હોય છે. .........

(૩) ઔદયિક, ઔપશમિક તથા ક્ષાયોપશમિક ભાવ સર્વ મુક્ત જીવોને હોય છે. .........

(૪) સમ્યગ્દર્શન આત્માનો ગુણ છે. .........

(૫) એક તત્ત્વમાં ભૂલ હોય તો બધા તત્ત્વોમાં ભૂલ ન હોય. .........

(૬) ભવનવાસી, વ્યંતર ને જ્યોતિષ એ ત્રણ દેવલોકમાં સમ્યગ્દષ્ટિ જાય છે. .........

(૭) જે આત્માના સકલ ચારિત્રનો ઘાત કરે છે તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. .........

(૮) સ્વભાવથી આત્મા કથંચિત્ કર્તા છે અને કથંચિત જ્ઞાતા છે. .........

(૯) દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ હોય છે પરંતુ આના પછી આજ પર્યાય થાય તેમ નક્કી નથી હોતું. .........

(૧૦) સ્ત્રીપર્યાયમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન બન્ને થઈ શકે છે. .........

(૧૧) બ્રહ્મચર્યથી મુનિની સાચી પરીક્ષા થાય છે. .........

(૧૨) નિર્મળ સમ્યગ્દર્શન સાતમા ગુણસ્થાનથી હોય છે. .........

(૧૩) નયજ્ઞાનથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ જરૂર થાય છે. .........

(૧૪) આત્માનો સ્વભાવ ત્રણેયકાળ સાપેક્ષ હોય છે. .........

(૧૫) સમ્યગ્દષ્ટિ જીવ મરીને મહાવિદેહમાં ઉપજે છે. .........

(૧૬) જીવને અનાદિકાળથી નિગોદથી ચૌદમા ગુણસ્થાન સુધી સંસાર છે. .........

(૧૭) બે જીવના સ્વભાવ સરખા અને બન્નેના કર્મના પ્રકારો બધુ જ સરખું છતાં બન્ને જીવ જુદા જુદા ભાવ કરે છે. .........

(૧૮) તીર્થંકર માતાની સેવા ૧૬ દેવીઓ કરતી હોય છે. .........

(૧૯) સાધક જીવને કર્મધારા અને જ્ઞાનધારા બન્ને હોય છે. .........

(૨૦) નરકમાં કદી અંતરાત્મા હોય નહીં. .........

## (૧૦૦) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) સીમંધર ભગવાન હાલ વિદેહક્ષેત્રમાં તીર્થંકરપદે બિરાજે છે તેમને તીર્થંકર કહેવા એ ................ નિક્ષેપનો પ્રકાર છે. (ભાવ, દ્રવ્ય, સ્થાપના)

(૨) ગૌતમ ગણધર ભગવાન ............. સિદ્ધક્ષેત્રમાંથી મોક્ષ પધારેલ છે. (મંદારગિરિ, રાજગૃહી, ગુણાવા)

(૩) ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદો કરવાવાળા સાધનને ................. કહે છે. (પ્રમાણ, નય, લક્ષણ)

(૪) સ્વયંભૂ સ્તોત્રમાં .................. ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે. (આદિનાથ, ચોવીસ તીર્થંકર, ચંદ્રપ્રભુ)

(૫) વનસ્પતિકાયના ............ ભેદ છે. (૪, ૮, ૨)

(૬) ભોગઉપભોગ પરિમાણ વ્રત એ ............નો પ્રકાર છે. (ગુણવ્રત, શિક્ષાવ્રત, મહાવ્રત)

(૭) પાંચ મેરુમાં ................. અકૃત્રિમ જિનાલય છે. (૮૦, ૬૦, ૧૪૦)

(૮) ચૈતન્યગુણના સાથે સંબંધ રાખવાવાળા જીવના પરિણામને ............. કહે છે. (ઉપયોગ, ભાવ, ક્રિયા)

(૯) જીવને વધુમાં વધુ એક સાથે .................. શરીર હોય છે. (ત્રણ, ચાર, પાંચ)

(૧૦) ભગવાનની દિવ્યધ્વનિ એ .................. દ્રવ્યનો પર્યાય છે. (જીવ, પુદ્‌ગલ, આકાશ)

(૧૧) ................... એ સમાન આકારવાળા દ્રવ્યો નથી. (કાળ–પુદ્‌ગલ પરમાણુ, ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય, જીવ–પુદ્‌ગલ)

(૧૨) વિદેહક્ષેત્રસ્થ વિદ્યમાન વીસ તીર્થંકર પૈકી સત્તરમાં વીરસેનસ્વામીના સમવસરણનો વિસ્તાર .................. યોજન છે. (૧, ૮, ૧૨)

(૧૩) પોતે પોતાનો તથા પરને નિમિત્ત થાય તેવા ............. દ્રવ્યો છે. (જીવ–આકાશ, આકાશ–કાળ, ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય)

(૧૪) પશુનું લક્ષણ શિંગડું કહેવું એ ................ દોષ છે. (અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવ)

(૧૫) દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયનો આકાર .............. છે. (જુદો, બેડોળ, સમાન)

(૧૬) ઈચ્છાને દૂર કરવાનો ઉપાય ............. છે. (સંતોષ રાખવો, મિથ્યાત્વ દૂર કરવું, સમજણ કેળવવી)

(૧૭) ક્રોધ કર્મના ઉદય અનુસાર ક્રોધ ઉત્પન્ન થયો એ જીવનો ............. ભાવ છે. (પારિણામિક, ઔદયિક, ક્ષયોપશમિક)

(૧૮) સમયસારની તાત્પર્યવૃત્તિ ટીકા ................ આચાર્યદેવે કરી છે.
(જયસેન, અમૃતચંદ્ર, યોગીન્દુદેવ)

(૧૯) વ્યુત્સર્ગ નામનું આવશ્યક ............. ને હોય છે. (શ્રાવક, મુનિ, અવિરત સમ્યગ્દૃષ્ટિ)

(૨૦) ચાર ઈન્દ્રિય જીવને દસ પ્રાણમાંથી .......... પ્રાણ હોય છે. (આઠ, છ, નવ)

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન નવેમ્બર– ૨૦૨૧ના ઉત્તર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | × | (૬) | × | (૧૧) | × | (૧૬) | × |
| (૨) | × | (૭) | × | (૧૨) | ✓ | (૧૭) | × |
| (૩) | ✓ | (૮) | ✓ | (૧૩) | × | (૧૮) | × |
| (૪) | × | (૯) | × | (૧૪) | × | (૧૯) | ✓ |
| (૫) | ✓ | (૧૦) | × | (૧૫) | ✓ | (૨૦) | × |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર – ૨૦૨૧ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) પ્રમેયત્વ | (૬) ચાર | (૧૧) અઢાર | (૧૬) છઠ્ઠા |
| (૨) સંજ્ઞા | (૭) ચલ | (૧૨) અવાન્તર | (૧૭) ધ્રૌવ્ય |
| (૩) ગણધર | (૮) લબ્ધપર્યાપ્તક | (૧૩) નિક્ષેપ | (૧૮) સ્વભાવ અર્થ |
| (૪) દ્રવ્ય | (૯) શાન્તિનાથ | (૧૪) પરમાત્મા | (૧૯) વીર્યાચાર |
| (૫) સ્વાધ્યાય | (૧૦) કરણાનુયોગ | (૧૫) વેદનીય | (૨૦) જ્ઞાન |

(અનુસંધાન પેજ નં. ૩૧ થી ચાલુ)　(વૈરાગ્ય સમાચાર)

* વીંછીયા નિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી ચંદુલાલ હરિલાલ ધોળકિયા (ઉ.વ. ૯૧)નું તા. ૧૧-૧૧-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી (હાલ-સોનગઢ) બ્ર. ભદ્રાબેન શાંતિલાલ શાહ (ઉ.વ. ૮૫)નું તા. ૧૪-૧૧-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.



જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે, ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યુ પામીને અન્ય કુળનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ પણ શોક કરતા નથી. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● અનંત અનંત ગુણનો સાગર એવા ભગવાન આત્માના અનંતા અનંતા ગુણથી વિરુદ્ધભાવ જે મિથ્યાત્વ તેના ગર્ભમાં અનંતાનંત ભવ પડ્યા છે, તેથી પહેલાં તેને છોડવો જોઈએ. અનંત ગુણના ભંડાર ભગવાનથી વિરુદ્ધ શ્રદ્ધારૂપ જે મિથ્યાત્વભાવ તેમાં અનંતા અનંતા ગુણોનો અનાદર છે. અનંતા ગુણનો લાભ સ્વ-આશ્રયથી થાય છે. એમ ન માનતાં પર-આશ્રિત એવા રાગભાવમાં જેણે પોતાપણું માન્યું છે તેણે અનંતા ગુણોનો અનાદર કર્યો છે. અનંતાનંત ગુણ છે તેનો અનાદર કરીને રાગના એક કણને પોતાનો માન્યો એવા મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. આત્મામાં અનંતાનંત ગુણો ભર્યા છે અને તેના અનાદરરૂપ મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. તેથી એ મિથ્યાત્વભાવને છોડવાનો ઉદ્યમ કેમ કરતો નથી ? ગફલતમાં કેમ રહે છે ? ૪૮૬.


● આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે ? નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું એ ચિંતામણી તુલ્ય દુર્લભ છે તો મનુષ્યપણું પામવું, જૈનધર્મ મળવો એ તો મહા દુર્લભ છે. પૈસો ને આબરૂ મળવા એ કાંઈ દુર્લભ નથી. આવો ઉત્તમ યોગ મળ્યો છે. એ લાંબો કાળ નહીં રહે માટે વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આવો યોગ ફરીને ક્યારે મળશે ? માટે તું મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. દુનિયાના માન-સન્માન ને પૈસાનો મહિમા છોડીને દુનિયા શું કહેશે તેનું લક્ષ છોડીને મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. ૪૮૭.

● અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહે. તેટલો કાળ આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના ત્યાં ને ત્યાં રહેતા નથી. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહેવા છતાં અંદરમાં શુદ્ધિની દશા વધતી જાય છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી મુનિરાજ શુદ્ધિ વધારતા જ જાય છે. મુનિરાજની આ અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના એ કાંઈ બહારથી જોવાની ચીજ નથી કેમ કે એ તો અંતરની દશા. જંગલમાં એકલા વિચરતાં હોય, વાઘ-સિંહની ત્રાડ પડતી હોય, માથે પાણી પડતા હોય ને શરીરમાં રોગ હોય છતાં મુનિરાજને તો એની કાંઈ ખબરે હોતી નથી ને અંતરમાં તલ્લીન થઈ ગયા હોય છે. એવા મુનિને શુદ્ધિ તો વધે જ છે. અંદરમાં શુદ્ધતા તરફનું જોર ચાલે છે, તે વધતું જ જાય છે. ૪૮૮.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૨૧
અંક-૪ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-12-2021
Posted on 1-12-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org